# મે ૨૦૧૫

# Most IMP Current Affairs






amazon.in

State Bank of India
With you - all the way
Pure Banking. Nothing else.

Atal Pension Yojana

Minimum Investment, Maximum Benefits during old-age





MUMBAI INDIANS

Crack GPSC

www.crackgpsc.com

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com

# મે ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

**Material**




www.crackgpsc.com

# Most Imp Current Affairs – May 2015

## ➢ 1st week

- **ઉત્તર અને દક્ષિણ અમેરિકામાંથી રૂબેલા નાબુદ**

  ઉત્તર અને દક્ષિણ અમેરિકા રૂબેલાને નાબુદ કરનાર વિશ્વના પ્રથમ પ્રદેશ બની ગયા. રૂબેલાને જર્મન મીઝલ્સના નામથી પણ ઓળખવામાં આવે છે. આ પહેલાં 1971માં સ્મોલપોક્સની નાબુદીમાં આ ક્ષેત્ર દુનિયાનું સૌપ્રથમ ક્ષેત્ર બન્યું હતું અને 1994માં પોલીઓની નાબુદીમાં પણ તેનું પ્રથમ સ્થાન હતું. રૂબેલા, રૂબેલા વાયરસને કારણે થનાર એક ચેપી રોગ છે. આ વાયરસ છીંક કે ખાંસીથી ફેલાય છે. તે સામાન્ય રીતે ચહેરાથી શરૂ થાય છે અને ત્યારબાદ સમગ્ર શરીરમાં ફેલાય છે. આ રોગ મુખ્યત્વે ગર્ભવતી મહિલાઓ માટે જોખમી છે.

- **મલાલા પર હુમલો કરનાર આતંકવાદીઓને 25 વર્ષ કેદની સજા**

  વર્ષ 2012માં મલાલા યુસુફજઈ પર થયેલ આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની અદાલતે 10 આતંકવાદીઓને 25 વર્ષ કેદની સજા કરી. વર્ષ 2014માં શાંતિ નોબલ પુરસ્કારથી સન્માનિત મલાલા યુસુફજઈ પર પાકિસ્તાનની સ્વાત ઘાટીમાં આ હુમલો થયો હતો.

- **બે ભારતીયો ડૉ. આનંદ કુમાર અને ડૉ. પ્રમોદ પાટિલને વિટલે સન્માન**

  વન્ય જીવ જંતુ સંરક્ષણ ક્ષેત્રે કામ કરવા બદલ બે ભારતીયો ડૉ. આનંદ કુમાર અને ડૉ. પ્રમોદ પાટિલને વિટલે સન્માનથી નવાજવામાં આવ્યા. વિટલે એવોર્ડને ગ્રીન ઓસ્કાર પણ કહેવાય છે. ડૉ. કુમારને દક્ષિણ ભારતમાં માનવીને હાથીઓ પ્રત્યે સંવેદનશીલ બનાવવા માટે એક નવું સંચાર તંત્ર વિકસાવવા માટે જયારે ડૉ. પાટિલને રાજસ્થાનના થાર મરુસ્થલમાં આઈયકોનિક પક્ષી ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની પ્રજાતિના સંરક્ષણ માટે આ સન્માન આપવામાં આવ્યું.

- **નાદિયા (પશ્ચિમ બંગાળ) ભારતનો પ્રથમ ખુલ્લામાં હાજત-મુક્ત જીલ્લો ઘોષિત**

  પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાને ભારતનો પ્રથમ ખુલ્લામાં હાજત-મુક્ત જીલ્લો ઘોષિત કરવામાં આવ્યો. નાદિયા વિશ્વ બેંક અને યુનિસેફના સહિયારા પ્રયાસોથી આ સન્માન પ્રાપ્ત કરવામાં સફળ થયો જે મુજબ આખા જીલ્લામાં શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું. આ

www.crackgpsc.com

અવસરે પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનરજીએ 30 એપ્રિલને 'નિર્મળ બાંગ્લા દિવસ' તરીકે ઉજવવાની અને 'નિર્મળ બાંગ્લા મિશન'ની પણ શરૂઆત કરી.

- **ચીને નવી કાર્ય યોજના વન બેલ્ટ, વન રોડ નવી પહેલ શરુ કરી**

ચીનની મુખ્ય આર્થિક યોજના એજન્સી નેશનલ ડેવલપમેન્ટ એન્ડ રીફોર્મ કમિશને (NDRC) એક નવી કાર્ય યોજના વન બેલ્ટ, વન રોડ પહેલ શરુ કરી. આ પહેલના માધ્યમથી એશિયા, યુરોપ અને આફ્રિકાને જોડવા માટે નવા માર્ગ બનાવવામાં આવશે.

- **માઈક્રોસોફ્ટે પોતાના નવા વેબ બ્રાઉઝરનું નામ 'એજ' રાખ્યું**

અમેરિકન બહુરાષ્ટ્રીય કંપની માઈક્રોસોફ્ટે પોતાના આગામી વેબ બ્રાઉઝરના નામ તરીકે 'એજ'ની ઘોષણા કરી. માઈક્રોસોફ્ટે આને પ્રોજેક્ટ સ્પાર્ટન નામ આપ્યું છે. બ્રાઉઝર ભવિષ્યમાં ઈન્ટરનેટ એક્સપ્લોરર (IE)ની જગ્યા લઇ શકે છે.

- **ગુજરાતના ભૂતપૂર્વ વિધાનસભા અધ્યક્ષ બ્રજારજી પરાદીવાલાનું અવસાન**

ગુજરાતના ભૂતપૂર્વ વિધાનસભા અધ્યક્ષ બ્રજારજી પરાદીવાલાનું અવસાન થયું. દિવંગત પરાદીવાલા વલસાડના એક જાણીતા વકીલ હતા. તેમણે 1955માં ગુજરાતના વલસાડ શહેરમાં વકીલ તરીકે બારની સદસ્યતા લીધી અને 40 વર્ષો સુધી વકીલાત કરી.

- **પ્રણય રોય રેડ ઇન્ક લાઈફટાઈમ અચિવમેન્ટ પુરસ્કારથી સન્માનિત**

એનડી ટીવીના એક્ઝેક્યુટીવ કો-ચેરમેન પ્રણય રોયને રેડ **ઇન્ક** લાઈફટાઈમ અચિવમેન્ટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. એનડીટીવીના શ્રીનિવાસન જૈનને જર્નાલિસ્ટ ઓફ ધ યરનો પુરસ્કાર આપવામાં આવ્યો. રેડ **ઇન્ક** લાઈફટાઈમ અચિવમેન્ટ પુરસ્કારની સ્થાપના વર્ષ 2010માં મુંબઈ પ્રેસ ક્લબ દ્વારા સમાજમાં પત્રકારત્વના મુલ્યોને દર્શાવવા માટે કરવામાં આવી હતી.

- **મૌલાના વાહિદુદ્દીનને સૈયદિયાના ઈમામ અલ હસન ઈબ્ન અલી શાંતિ પુરસ્કાર**

પ્રસિદ્ધ ઇસ્લામિક વિદ્વાન અને કાર્યકર્તા મૌલાના વાહીદુદ્દીન ખાનને સૈયદિયાના ઈમામ અલ હસન ઈબ્ન અલી શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો. મૌલાના વાહીદુદ્દીન તેમના નોલેજ અને શાંતિ જાળવી રાખવાના પ્રયાસો માટે જાણીતા છે. મૌલાનાએ ઇસ્લામ પર ઘણી પુસ્તકો અને લેખ લખ્યા છે. તેઓ ગાંધીવાદી વિચારધારા માટે પણ જાણીતા છે. તેઓ માને છે કે સફળતા પ્રાપ્ત કરવા માટે માત્ર અહિંસા જ એક માત્ર રીત છે.

- **હરિયાણાએ કરી બાળકોના જન્મ સાથે જ આધાર રજીસ્ટ્રેશનની જોગવાઈ**

www.crackgpsc.com

હરિયાણા સરકારે બાળકોના જન્મ સાથે જ આધાર રજીસ્ટ્રેશનની જોગવાઈ કરી. તે અનુસાર સાત દિવસની અંદર જન્મ પ્રમાણપત્ર ઇસ્યુ કરવામાં આવશે. આનાથી બાળકને તમામ કલ્યાણ અને સ્વાસ્થ્ય સંબંધી લાભ આપવાની દેખરેખ કરવામાં અને બાળકોના રસીકરણથી લઈને શાળામાં દાખલ થવા બાબતે ટ્રેકિંગ કરવામાં મદદ મળશે.

- **રાફેલ નડાલ ગોલ્ડન મેડલ ફોર મેરિટથી સન્માનિત**

  ટેનિસ ખેલાડી રાફેલ નડાલને સ્પેનમાં ઉત્તમ પ્રદર્શન મારે ગોલ્ડન મેડલ ફોર મેરિટથી નવાજવામાં આવ્યા. ગોલ્ડન મેડલ સ્પેનના શીર્ષ નાગરિક સન્માનમાંનુ એક છે જે કોઈ પણ ક્ષેત્રમાં ઉત્તમ યોગદાન માટે આપવામાં આવે છે. રાફેલ નડાલે 14 વખત ગ્રાન્ડ સ્લેમનો ખિતાબ જીત્યો છે.

- **સુરેન્દ્રસિંહે સીઆઈએસએફના ડીરેક્ટર જનરલનો પદભાર ગ્રહણ કર્યો**

  સિનીયર આઈપીએસ અધિકારી સુરેન્દ્ર સિંહે સેન્ટ્રલ પેરામીલીટરી ફોર્સ સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીઅલ સિક્યુરિટી ફોર્સ (CIFS)ના ડીરેક્ટર જનરલનો પદભાર સંભાળ્યો. CIFSનું મુખ્યાલય નવી દિલ્હીમાં છે. આ ફોર્સમાં 1.41 લાખ સુરક્ષા કર્મીઓ છે, જેઓ દેશમાં સૌથી પ્રમુખ અને સ્ટ્રેટેજી સંબંધિત સંસ્થાઓ જેમ કે નાગરિક એરપોર્ટમાં મજબુત સુરક્ષાની જવાબદારી સંભાળે છે.

- **સ્નેપડીલ અને તેના CEO વિરુદ્ધ એફઆઈઆર નોંધાવવાનો આદેશ**

  મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને (FDA) સ્નેપડીલ અને તેના CEO કુણાલ બહેલ અને સંચાલકો વિરુદ્ધ ડોક્ટર્સની પ્રિસ્ક્રીપ્શન વગર દવાઓ ઓનલાઈન વેચવાના આરોપસર FIR કરવાનો આદેશ ફરમાવ્યો. ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક્સ એક્ટ 1940 મુજબ ડોક્ટરની પ્રિસ્ક્રીપ્શન વગર દવાઓ વેચવી એ ગુનો છે. FDA અન્ય ઓનલાઈન શોપિંગ કંપનીઓ ફ્લિપકાર્ટ અને એમેઝોનની પણ તપાસ કરશે.

- **ન્યુઝીલેન્ડના માઈકલ કેમ્પબેલની વ્યવસાયિક ગોલ્ફમાંથી નિવૃત્તિની ઘોષણા**

  ન્યુઝીલેન્ડના ગોલ્ફર માઈકલ કેમ્પબેલે વ્યવસાયિક ગોલ્ફમાંથી નિવૃત્તિની ઘોષણા કરી. માઈકલ કેમ્પબેલે મહાન ગોલ્ફર ટાઈગર વુડ્સને હરાવીને વર્ષ 2015નો યુએસ ઓપન ખિતાબ જીત્યો હતો.

- **વરિષ્ઠ પત્રકાર અમિતાભ ચૌધરીનું અવસાન**

  વરિષ્ઠ પત્રકાર, લેખક અમિતાભ ચૌધરીનું અવસાન. તેઓ લગભગ ત્રીસ વર્ષથી મુખ્ય બંગાળી દૈનિક સમાચાર પત્રો 'આનંદ બાજાર પત્રિકા', 'યુગાંતર' અને 'આજકલ'થી જોડાયેલ હતા. આ ઉપરાંત, તેમણે લગભગ 40 પુસ્તકો લખ્યાં છે, જે મુખ્યત્વે રવિન્દ્રનાથ ટાગોર પર આધારિત

છે. તેમને ભારતમાં વ્યક્તિગત અધિકારો અને સમુદાયના હિત વિષેના તેમના અહેવાલ વિષે રેમન મેગ્સેસે એવોર્ડ આપવામાં આવ્યો હતો.

- **મુક્કેબાજી મુકાબલામાં ફ્લોયડ મેવેદરે મૈની પૈકીયાઓને હરાવ્યો**

ફ્લોયડ મેવેદરે લાસ વેગાસમાં રમાયેલ મુક્કેબાજી મેચમાં મૈની પૈક્વેને હરાવી દીધો. આ મેચ મુક્કેબાજીના ઇતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોંઘી મેચ હતી. મેવેદરને મેચ જીત્યા પછી 1147 કરોડ રૂપિયા મળ્યા જ્યારે પૈક્વેને હારવા છતાં 764 કરોડ રૂપિયા મળ્યા.

- **વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ વિશ્વ સ્તરે ઉજવવામાં આવ્યો**

3જી મેના દિવસે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day) ઉજવવામાં આવ્યો. પ્રેસ સ્વતંત્રતા દિવસ-2015નો વિષય 'Let Journalism Thrive! Towards better reporting, gender equality and media safety in the digital age' છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે વર્ષ 1993માં વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની ઘોષણા કરી હતી. યુનેસ્કો દ્વારા 1997થી દર વર્ષે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસના અવસરે 'ગિલેરમો કાનો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ પ્રાઈઝ' પણ આપવામાં આવે છે. આ પુરસ્કાર એ વ્યક્તિ અથવા સંસ્થાને આપવામાં આવે છે જેમણે પ્રેસની સ્વતંત્રતા માટે ઉલ્લેખનીય કાર્ય કરેલ હોય. વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસના અવસરે તમામ પ્રત્રકાર નિર્ભય થઈને પોતાનું કામ કરવાની શપથ લે છે.

- **સિરીયન પત્રકાર માજેન ડેરવિશને યુનેસ્કોનો પ્રેસ ફ્રીડમ પુરસ્કાર 2015**

સંયુક્ત રાષ્ટ્રોની સાંસ્કૃતિક સંસ્થા 'યુનેસ્કો'એ સિરીયન પત્રકાર અને માનવાધિકાર કાર્યકર્તા માજેન ડેરવિશને યુનેસ્કોનો પ્રેસ ફ્રીડમ પુરસ્કાર / ગિલેરમો કાનો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ પુરસ્કાર-2015 આપવાની ઘોષણા કરી. માજેન ડેરવિશ હાલમાં સિરીયાની એક જેલમાં કેદ છે. ડેરવિશને આ પુરસ્કાર સિરીયામાં તેમના 10 વર્ષથી પણ વધુ સમયના કામ માટે આપવામાં આવ્યો. ડેરવિશ એક સ્વતંત્ર ન્યુઝ વેબસાઈટ 'સિરીયા વ્યુ ડોટ નેટ'ના સંસ્થાપકોમાંના એક છે. સિરીયન એડમિનિસ્ટ્રેશને વર્ષ 2006માં આ વેબસાઈટ પર પ્રતિબંધ મુક્યો હતો.

✓ **યુનેસ્કોનો પ્રેસ ફ્રીડમ પુરસ્કાર:**

યુનેસ્કો દ્વારા વર્ષ 1997થી દર વર્ષે 3 મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ પર આપવામાં આવે છે. આ પુરસ્કાર એ વ્યક્તિ અથવા સંસ્થાને આપવામાં આવે છે, જેમણે પ્રેસની સ્વતંત્રતા માટે ઉલ્લેખનીય કાર્ય કર્યું હોય.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by... એમ. કે. સર
87340 98198

www.crackgpsc.com

- **રોજર ફેડરરે ઈસ્તાંબુલ ઓપનનો ખિતાબ જીત્યો**

  સ્વીત્ઝરલૅન્ડના ટેનિસ ખેલાડી રોજર ફેડરરે પ્રથમ વખત ઈસ્તાંબુલ ઓપનનો ખિતાબ જીત્યો. આ તેમની કારકિર્દીનો 85મો ખિતાબ છે. તેમના નામે 237 અઠવાડિયા સુધી પ્રથમ સ્થાને રહેવાનો રેકોર્ડ છે. તેમના નામે ઘણા રેકોર્ડ છે, જેમાં સતત 10 ગ્રાન્ડ સ્લેમ ફાઈનલ્સ તથા સતત 19 ગ્રાન્ડ સ્લેમ સેમીફાઈનલ્સમાં હોવાનું પણ સામેલ છે.

- **ગૌ-ઉત્પાદનો પર સંશોધન માટે ગૌ-મૂત્ર રીફાઇનરીનું ઉદઘાટન**

  રાજસ્થાનના જાલોર જીલ્લામાં સ્થિત પથમેડા ગામમાં ગૌ-ઉત્પાદનો પર સંશોધન માટે ગૌ-મૂત્ર રીફાઇનરીનું ઉદઘાટન કરવામાં આવ્યું. ગાય ઉત્પાદનો પર સંસોધન માટે વૈજ્ઞાનિક દષ્ટિકોણ દ્વારા ભારતીય પારંપરિક પ્રણાલી અનુસાર દવાઓનું ઉત્પાદન કરવામાં આવશે.

- **આરએસપીબીએ 5મી હોકી ઇંડિયા સિનીયર મહિલા રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ જીતી**

  રેલવે સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડ (RSPB)એ 5મી હોકી ઇંડિયા સિનીયર મહિલા રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ જીતી. રેલવેએ ઝારખંડને હરાવ્યું. મેચમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ઇતવારી મુંડુને બેસ્ટ મિડફિલ્ડર ઓફ ધ ટુર્નામેન્ટના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી.

- **સંદીપ જજોદીયાને બોક્સિંગ ઇન્ડિયાના અધ્યક્ષ પદેથી દુર કરવામાં આવ્યા**

  બોક્સિંગ ઇન્ડિયાની (BI) સામાન્ય સભાની વિશેષ બેઠકમાં સંદીપ જાજોદીયાને અધ્યક્ષ પદેથી દુર કરવામાં આવ્યા. બોક્સિંગ ઇન્ડિયા દેશભરના વિભિન્ન રાજ્યો કે ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરનાર 32 મુક્કેબાજી સંઘોનો મહાસંઘ છે.

- **સેનાએ ફેડરેશન કપ રાષ્ટ્રીય સિનીયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ જીતી**

  ભારતીય સેનાની ટીમ 19મી ફેડરેશન કપ રાષ્ટ્રીય સિનીયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં વિજેતા બની. પુરુષ વર્ગમાં સર્વશ્રેષ્ઠ ખેલાડીનો પુરસ્કાર હરિયાણાના શોટ પુટર ઇંદરજીતસિંહે જીત્યો. ઓરિસ્સાની સર્બાણી નંદા સર્વશ્રેષ્ઠ મહિલા ખેલાડી બની.

- **ડાલિયન વાંડા ગ્રુપના સંસ્થાપક 'વાંગ જિઆનલિન' એશિયાના સૌથી ધનિક વ્યક્તિ**

  બ્લૂમબર્ગ રિપોર્ટ અનુસાર ડાલિયન વાંડા ગ્રુપ કોર્પોરેશન લિ.ના સંસ્થાપક 'વાંગ જિઆનલિન' (ચીન)ને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ. વાંગ દુનિયાના સૌથી અમીર લોકોની યાદીમાં 10મા સ્થાને છે. અલીબાબા ગ્રુપના ચેરમેન જૈક મા એશિયાના બીજા સૌથી અમીર વ્યક્તિ છે.

- **ઇંગ્લિશ ફૂટબોલ ક્લબ ચેલ્સીએ ઇંગ્લિશ પ્રિમીઅર લીગનો ખિતાબ જીત્યો**

  ઇંગ્લિશ ફૂટબોલ ક્લબ ચેલ્સીએ ક્રિસ્ટલ પેલેસને પરાજિત કરીને **ઇંગ્લિશ** પ્રિમીઅર લીગ

www.crackgpsc.com

2014-15નો ખિતાબ જીત્યો. પ્રિમીઅર લીગ ઇંગ્લિશ ફૂટબોલની શીર્ષ લીગ પ્રતિયોગિતા છે. વર્ષ 1888માં ધ ફૂટબોલ લીગમાંથી કેટલીક કલબ્સ અલગ થયા બાદ 1992માં ઇંગ્લિશ પ્રિમીઅર લીગની સ્થાપના કરવામાં આવી. તેને સત્તાવાર રીતે બાર્કલેઝ પ્રિમીઅર લીગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

- **ચીની રાજદૂત લુ પિંગનું અવસાન**

ચીની રાજદૂત લુ પિંગનું અવસાન થઇ ગયું. તેમણે હોંગકોંગને અંગ્રેજોની આધીનતાથી મુક્તિ અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ચીન દ્વારા પ્રથમ ઓપિયમ વોર (1939-42)માં હાર્યા બાદ સંધિ અનુસાર હોંગકોંગ બ્રિટનને 99 વર્ષો માટે લીઝ પર આપી દેવામાં આવ્યું હતું. તેને 1997માં ચીનને સોંપી દેવામાં આવ્યું. સાથે જ તે 'એક રાષ્ટ્ર, બે પ્રણાલી' હેઠળ 1 જુલાઈ 1997ના રોજ ચીનનું પ્રથમ વિશેષ વહીવટી ક્ષેત્ર પણ બન્યું.

- **પેટીએમે ડોમિનોઝ અને કેફે કોફી ડે સાથે સમજુતી કરી**

પેટીએમે (Paytm) ઓફલાઈન પેમેન્ટ માટે ક્વિક સર્વિસ રેસ્ટોરન્ટ ડોમિનોઝ અને કેફે કોફી ડે સાથે સમજુતી કરાર કર્યા. હાલમાં પેટીએમ ડીટીએચ અને મોબાઈલ ફોન સેવાઓ માટે રીચાર્જ સેવાઓ પૂરી પાડે છે.

- **સ્વદેશી સુપરસોનિક મિસાઈલ 'આકાશ' સેનામાં સામેલ**

સ્વદેશી સુપરસોનિક મિસાઈલ 'આકાશ'ને સેનામાં સામેલ કરવામાં આવી. સેનાના પ્રમુખ જનરલ દલબીરસિંહ સુહાગે તેનું લોકાર્પણ કર્યું. આકાશ મિસાઈલ દુશ્મનના હેલિકોપ્ટર્સ, વિમાનો અને માનવરહિત વિમાનોનું 25 કિમી દુરથી નિશાન સાધી શકે છે. આકાશ DRDO દ્વારા વર્ષ 1984માં શરૂ કરવામાં આવેલ ઇન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેંટ પ્રોગ્રામની પાંચ મૂળ મિસાઈલ પ્રણાલીઓમાંની એક છે. તેની ટેકનીક બધા જ પ્રકારના હવામાનમાં એકસાથે એક કરતાં વધુ નિશાન સાધવામાં સક્ષમ છે.




www.crackgpsc.com

- **મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ભારતે ચીનને પાછળ પાડ્યું: એચએસબીસી**

  એચએસબીસી દ્વારા રજુ કરાયેલ 'પર્ચેઝિંગ મેનેજર્સ સૂચકાંક' (PMI) અનુસાર ચાલુ નાણાકીય વર્ષના (2015-16) પહેલા માસમાં ભારત અને ચીન બંનેમાં મેન્યુફેક્ચરિંગ સૂચકાંકમાં ભારતે ચીનને પાછળ પાડી દીધું. ભારતનો મેન્યુફેક્ચરિંગ સૂચકાંક માર્ચ 2015ના 52.1થી ઘટીને 51.3 થઇ ગયો જયારે ચીનનો સૂચકાંક 49.6થી ઘટીને 48.9 થઇ ગયો. સૂચકાંક 50થી ઉપર રહેવો તે ઉત્પાદનમાં વધારો અને 50થી નીચે રહેવો તે ઉત્પાદનમાં ઘટાડો દર્શાવે છે.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વીબો સાથે જોડાયા**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વીબો સાથે જોડાયા. તેઓ 14 મે 2015થી ચીન, મંગોલિયા અને દક્ષિણ કોરિયાની યાત્રા પર રહેશે. સિના વીબો એક ચીની માઈક્રોબ્લોગીંગ વેબસાઈટ છે. ચીનના 30% ઈન્ટરનેટ વપરાશકર્તા વીબોનો ઉપયોગ કરે છે.

- **વિશ્વ અસ્થમા દિવસ 2015 વિશ્વ સ્તરે ઉજવાયો**

  5 મે 2015ના રોજ વિશ્વ અસ્થમા દિવસ ઉજવવામાં આવ્યો. વર્ષ 2015ના વિશ્વ અસ્થમા દિવસનો વિષય છે – યુ કેન કંટ્રોલ યોર અસ્થમા. આ દિવસ દર વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે ઉજવવામાં આવે છે. તેનું આયોજન દર વર્ષે ગ્લોબલ ઈનીશીએટીવ ફોર અસ્થમા (GINA) દ્વારા કરવામાં આવે છે. વર્ષ 1998માં પ્રથમ વાર બાર્સેલોના, સ્પેન સહિત 35 દેશોમાં વિશ્વ અસ્થમા દિવસ ઉજવવામાં આવ્યો હતો.

- **ગોવામાં બેટી બચાવો બેટી પઢાઓ યોજનાની શરૂઆત**

  ગોવાના મુખ્યમંત્રી લક્ષ્મીકાન્ત પાર્સેકરે પણજીમાં રાજ્ય સ્તરે 'બેટી બચાવો બેટી પઢાઓ' યોજના શરુ કરી. આ યોજનાનો હેતુ છોકરીઓના સશક્તિકરણ તથા તેમને શિક્ષણનો અધિકાર અપાવવાનો છે.

- **ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) બિલ 2014 લોકસભામાં પસાર**

  ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) બિલ 2014 લોકસભામાં પસાર. તેને બંધારણ (122મો સુધારો) બિલ 2014 પણ કહેવાય છે. તેનો હેતુ ભારતમાં અપ્રત્યક્ષ કર ક્ષેત્રે મહત્વપૂર્ણ સુધારાઓને આગળ વધારવાનો છે. જીએસટી લાગુ થયા બાદ સમગ્ર દેશ એક કોમન બજાર બની જશે અને વેપાર વધશે. તેનાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન મળશે અને ભ્રષ્ટાચાર મળશે. તેનાથી ફુગાવામાં પણ ઘટાડો થશે અને આવનાર સમયમાં આર્થિક વૃદ્ધિ વધશે. જીએસટી એકસાઈઝ ડ્યુટી, સર્વિસ ટેક્સ જેવા કેન્દ્રીય કરવેરા તથા વેટ, મનોરંજન વેરો, ખરીદ વેરો અને જકાત જેવા રાજ્ય સ્તરીય વેરાઓનું સ્થાન લેશે. આ તમામ વેરા જીએસટીમાં સમાઈ જશે. આલ્કોહોલ સિવાય તમામ

www.crackgpsc.com

વસ્તુઓ અને સેવાઓને જીએસટીમાં સમાવી લેવામાં આવેલ છે. જીએસટી પરિષદના નિર્ણય બાદ પેટ્રોલિયમ પદાર્થોને પણ જીએસટીમાં સમાવી લેવામાં આવશે. રાજ્યોને થનાર નુકસાનની પાંચ વર્ષ સુધીમાં ભરપાઈ કરી દેવાશે. જીએસટી કર વ્યવસ્થા 1 એપ્રિલ 2016થી અમલી બનાવાશે.

- **સલમાન ખાનને હિટ એન્ડ રન કેસમાં પાંચ વર્ષની સજા**

  સેશન્સ કોર્ટે ફિલ્મ અભિનેતા સલમાન ખાનને હિટ એન્ડ રન કેસમાં પાંચ વર્ષની સજા ફરમાવી. સલમાન નશામાં ગાડી ચલાવતા એક વ્યક્તિને અજાણતાં હત્યા અને અન્યને ઘાયલ કરવામાં દોષી છે. તેને આઈપીસી ધારા 304(2) (અજાણતા હત્યા) સહિત અન્ય દંડાત્મક કાયદા હેઠળ દોષી કરાર આપવામાં આવ્યો. જો કે આ અપરાધમાં 10 વર્ષની અધિકતમ સજાની જોગવાઈ છે. આ ગુનામાં તેની ઉપર 25,000 રૂપિયાનો દંડ પણ કરાયેલ છે. સલમાનને આઈપીસી ધારા 279 (બેપરવાઈથી ગાડી ચલાવવી), 337 અને 338 હેઠળ પણ દોષી ઠરાવવામાં આવે છે. તેમાં છ મહિનાની જેલની સજા છે. આ ઉપરાંત તેને મોટર વહન કાનુનની કલમ 181 (લાયસન્સ વગર ગાડી ચલાવવી) અને 185 (નશામાં ગાડી ચલાવવી) હેઠળ છ મહિના જેલની સજા ફરમાવાઈ. બોમ્બે હાઈ કોર્ટે તેને બે દિવસના જામીન આપ્યા.

- **ફોર્બ્સની 2000 પ્રભાવશાળી કંપનીઓની યાદીમાં ભારતની 56 કંપનીઓ**

  **ફોર્બ્સની** વિશ્વમાં 2000 સૌથી અધિક પ્રભાવશાળી કંપનીઓની યાદીમાં ભારતની 56 કંપનીઓને સ્થાન મળ્યું. યાદીમાં રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ 56 ભારતીય કંપનીઓમાં પ્રથમ સ્થાને છે. યાદીમાં રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ 135મા સ્થાને છે. ત્યારબાદ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા 155મા સ્થાને છે. ચીનની ત્રણ કંપનીઓએ આ યાદીમાં ટોચનું સ્થાન મેળવેલ છે. ચીનની સરકારી બેંક આઈસીબીસી (ઇન્ડસ્ટ્રીઅલ એન્ડ કોમર્સિઅલ બેંક ઓફ ચાઈના) સતત બીજા વર્ષે પણ પ્રથમ ક્રમે છે.

- **મિન્ત્રા ડોટ કોમ દ્વારા નેટીવ 5 સોફ્ટવેર સોલ્યુશનનું અધિગ્રહણ**

  ઓનલાઈન ફેશન રિટેલર મિન્ત્રા ડોટ કોમે બેંગલુરુ સ્થિત સ્ટાર્ટઅપ ફર્મ નેટીવ 5 સોફ્ટવેર સોલ્યુશન પ્રાઇવેટ લિમિટેડનું અધિગ્રહણ કર્યું. નેટીવ 5ની ટીમ મિન્ત્રાનું મોબાઈલ એપ્લીકેશન પ્રોગ્રામ વિકસાવવા માટે કામ કરશે.

- **ગિર વન અભયારણ્યમાં 67 રેતી ખાણો બંધ કરવાનો આદેશ**

  ગુજરાત હાઈ કોર્ટે ગિર વન અભયારણ્ય ક્ષેત્રમાં ચાલી રહેલ 67 રેતી ખાણોને બંધ કરવાનો આદેશ આપ્યો. ગિર વન એશિયાઈ સિંહોનું એક માત્ર નિવાસ સ્થાન છે.

www.crackgpsc.com

- **કેન્દ્રીય સરકારી એજન્સીઓને મેગા ફૂડ પાર્કમાં 26%થી વધુ રોકાણની મંજુરી**

આર્થિક બાબતો પર કેન્દ્રીય મંત્રીમંડળ સમિતિએ (CCEA) મેગા ફૂડ પાર્કમાં કેન્દ્રીય સરકારી એજન્સીઓના રોકાણની મર્યાદા સંબંધી જોગવાઈઓમાં છૂટ આપી. હવે એજન્સીઓને સ્પેશિયલ પર્પઝ વ્હીકલમાં (SPV) તેમની ઇક્વિટી હોલ્ડીંગ પર 100%ના રોકાણ સુધીની મંજુરી આપવામાં આવી છે, હાલમાં આ મર્યાદા 26% છે. મેગા ફૂડ પાર્ક (MFP) યોજના યુપીએ સરકાર દ્વારા વર્ષ 2008માં શરુ કરવામાં આવી હતી. તે ખાદ્યપૂર્તિ શ્રેણીમાં અંતરાયો દુર કરવામાં ધ્યાન આપે છે. જેથી ભારતમાં લગભગ 33% ભોજન બરબાદ થાય છે. તે ભારતને વિશ્વમાં સૌથી વધુ ભોજન બરબાદ કરનાર બતાવે છે. MFPની સ્થાપના માટે કેન્દ્ર સરકાર દ્વારા 50 કરોડ રૂપિયા સુધીની નાણાકીય મદદ આપવામાં આવે છે.

- **શાર્લી હેબ્ડો પેન પુરસ્કારથી સન્માનિત**

ફ્રાન્સીસી વ્યંગ્ય મેગેઝીન શાર્લી હેબ્ડો પેન પુરસ્કારથી સન્માનિત. પેન અમેરિકન સેન્ટર દ્વારા આયોજિત કાર્યક્રમમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાને પ્રોત્સાહન આપવા માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો. જાન્યુઆરી 2015માં પયગંબર મોહમ્મદનું વ્યંગ્ય ચિત્ર બનાવવા બદલ મેગેઝીન શાર્લી હેબ્ડોના પેરિસ સ્થિત કાર્યાલયમાં થયેલ આતંકવાદી હુમલામાં 12 લોકો માર્યા ગયા હતા.

- **રિઅલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટમાં વિદેશી રોકાણની મંજુરી**

કેન્દ્રીય મંત્રીમંડળે રિઅલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટમાં વિદેશી રોકાણ મંજુર કર્યું. તેનો હેતુ અપ્રવાસી ભારતીયો (NRI) સહિત વિદેશી અને ડોમેસ્ટિક સ્રોતોથી લાંબાગાળાના રોકાણને આકર્ષિત કરવાનો છે.

- **ભૂતપૂર્વ ગુજરાત મુખ્ય સચિવ આચલ કુમાર ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત**

ગુજરાતના મુખ્ય સચિવ રહી ચૂકેલ આંચલ કુમાર જ્યોતિને ચૂંટણી કમિશનર નિયુક્ત કરવામાં આવ્યા. જ્યોતિ આ પદ પર આગામી ત્રણ વર્ષ સુધી રહેશે. તેઓ ઉદ્યોગ, રેવન્યુ, પાણી પુરવઠા વિભાગોમાં કામ કરી ચુક્યા છે.

- **ભારતીય સ્ટેટ બેંકે 'રૂપે' પ્લેટિનમ ડેબીટ કાર્ડ લોન્ચ કર્યું**

દેશની સૌથી મોટી સાર્વજનિક બેંક ભારતીય સ્ટેટ બેંકે (SBI) નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા સાથે મળીને 'રૂપે' પ્લેટિનમ ડેબીટ કાર્ડ લોન્ચ કર્યું. રૂપે કાર્ડથી બધી ચેનલ્સ, એટીએમ, પીઓએસ તથા ઈ-કોમર્સ પર પેમેન્ટ કરી શકાય છે. એસબીઆઈ રૂપે પ્લેટફોર્મ પર પ્લેટિનમ ડેબીટ કાર્ડ લોન્ચ કરનાર પ્રથમ બેંક છે.

www.crackgpsc.com

- **સિંગાપુરના વડાપ્રધાન દ્વારા લિટિલ ઇંડિયામાં પ્રથમ સંગ્રહાલયનું ઉદઘાટન**

  સિંગાપુરના વડાપ્રધાન લી હીન લૂંગે લિટિલ ઇન્ડિયામાં પ્રથમ સંગ્રહાલય ઇન્ડિયન હેરીટેજ સેન્ટર શરુ કર્યું. આ સંગ્રહાલય ભારતીય ઈતિહાસને સમર્પિત છે. સિંગાપુર પોતાની સ્વતંત્રતાના 50 વર્ષની સમાપ્તિ સાથે ભારત સાથે વ્યુહાત્મક સંબંધોના 50 વર્ષ પૂર્ણ થવાનો ઉત્સવ ઉજવી રહ્યું છે.

- **એડીબી સાથે 31 મિલિયન અમેરિકન ડોલરના લોન કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર**

  કેન્દ્રીય સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેન્કે કર્ણાટકમાં પસંદ કરેલી નદીની ખીણોમાં પાણીની ઉપલબ્ધતાને વધુ સારી બનાવવા અને સિંચાઈ માટેની કાર્યક્ષમતામાં સુધારો સુનિશ્ચિત કરવા 31 મિલિયન અમેરિકન ડોલરની લોન માટે સમજુતી કરી. આ કાર્યક્રમ રાજ્યમાં ત્રણ નદીની ખીણોમાં પાણીની કાર્યક્ષમતા સુધારશે અને 1700 મિલિયન ક્યુબીક મીટર પાણી બચાવશે. સંગ્રહાયેલ પાણીનો ઉપયોગ વધુ 160000 હેક્ટર ખેતજમીનમાં ઉપયોગ કરી શકાશે જેનાથી ખેતીમાંથી ઉત્પન્ન થનાર આવકમાં લગભગ 50%નો વધારો થશે અને તેનાથી 1.5 મિલિયન લોકોને ફાયદો થશે.

- **નેપાળ રાષ્ટ્ર બેંક ફરીથી ઘર બનાવવા માટે વ્યાજ મુક્ત લોન આપશે**

  નેપાળ રાષ્ટ્ર બેંક દ્વારા ફરીથી ઘર બનાવવા માટે વ્યાજ મુક્ત લોન આપવાની ઘોષણા કરવામાં આવી. બેંક કાઠમંડુમાં નેપાળ કરન્સીમાં 25 લાખ રૂપિયા સુધીની લોન અને રાજધાની બહારના સ્થાને 15 લાખ નેપાળી રૂપિયા આપશે. આ નેપાળની કેન્દ્રીય બેંક છે.

- **નિરસ્ત અને સુધારા બિલ 2015 લોકસભામાં પસાર**

  નિરસ્ત અને સુધારા બિલ, 2015 લોકસભામાં પસાર કરવામાં આવ્યું. આ સાથે જ આ બિલ સંસદનાં બંને ગૃહોમાં પસાર થઇ ગયું. આ બિલમાં 36 જુના કાયદાને રદ કરવાની માંગણી કરવામાં આવી હતી જે આંશિક કે પૂર્ણ રીતે અપ્રચલિત થઇ ગયા છે. 36 અધિનિયમોમાંથી ચારને પૂર્ણ રીતે રદ કરવામાં આવશે. તેમાં ઇન્ડિયન ફિશરીઝ એક્ટ 1897, ફોરેન જ્યુરીડીકશન એક્ટ 1947 અને સુગર અન્ડરટેકિંગ્સ એક્ટ 1978 સામેલ છે. બાકીના 32 અધિનિયમ જેમને રદ કરવામાં આવી રહ્યા છે, તેમના મૂળ અધિનિયમોમાં સુધારો કરવામાં આવી રહ્યો છે, તેમાં રિપ્રેઝન્ટેશન ઓફ પીપલ એક્ટ 1951, હિંદુ મેરેજ એક્ટ 1955, ઇન્ડિયન એવીડન્સ એક્ટ 1872 વગેરે સામેલ છે. દેશમાં લગભગ 1741 કાયદા બિનઉપયોગી થઇ ગયા છે પરંતુ હજુ પણ મોજુદ છે. આ બાબતે સરકારે કેટલાક અધિનિયમોની ઓળખ કરી તેમને રદ કરવાની જરૂરિયાત દર્શાવી હતી.

- **અરવિંદ સક્સેના UPSCના સભ્ય નિયુક્ત**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ અરવિંદ સક્સેનાને UPSCના સભ્ય નિયુક્ત કર્યા. આ નિમણુક સાથે સક્સેના રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગમાંથી UPSCના સભ્ય બનનાર પ્રથમ અધિકારી બની ગયા.

- **સ્વામી ચિન્મયાનંદની જન્મ શતાબ્દીના અવસરે સિક્કો બહાર પડાયો**

  નરેન્દ્ર મોદીએ સ્વામી ચિન્મયાનંદની જન્મશતાબ્દી નિમિત્તે એક સિક્કો બહાર પાડ્યો. સ્વામી ચિન્મયાનંદે શિક્ષણ અને સમાજ સુધારણા ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો છે.

## ➢ 2nd week

- **બ્રિટનમાં કન્ઝર્વેટીવ પાર્ટીને 331 બેઠકો સાથે બહુમતી**

  ડેવિડ કેમરનના નેતૃત્વવાળી સત્તાધારી કન્ઝર્વેટીવ પાર્ટીએ બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ કોમન્સની કુલ 650 બેઠકોમાંથી 331 બેઠકો જીતીને બહુમતી મેળવી. આ જીત સાથે જ વર્તમાન વડાપ્રધાન ડેવિડ કેમરને પોતાનું વડાપ્રધાન પદ જાળવી રાખ્યું. આ ચૂંટણીમાં ભારતીય મૂળના અત્યાર સુધીના સૌથી વધુ 10 લોકો સાંસદ ચૂંટાયા.

- **રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ રશિયાની યાત્રા કરી**

  ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ રશિયાની યાત્રા કરી. ભારત અને રશિયા વચ્ચે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે 11 ઇન્ટેન્ટ લેટર્સ (Memorandum of Intent, MoI) પર મોસ્કોમાં હસ્તાક્ષર થયા. પ્રણવ મુખરજી 9 મે 2015ના રોજ મોસ્કોમાં વિજય દિવસના 70માં વાર્ષિક સમારોહમાં હાજર રહ્યા. વિજય દિવસ બીજા વિશ્વયુદ્ધમાં રશિયાની જીતની યાદમાં ઉજવાય છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મોસ્કોમાં રશિયન સ્ટ્રેટેજીક એકેડમી તરફથી માનદ ડોક્ટરેટની ડિગ્રી પણ આપવામાં આવી.

- **પોરબંદરના નેવિમાં INS સરદાર પટેલ સામેલ**

  પોરબંદર સ્થિત ઇન્ડિયન નેવિમાં INS સરદાર પટેલ જહાજને સામેલ કરવામાં આવ્યું. સમારોહમાં ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની આરસપહાણની મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું. કોમોડોર બી આર પ્રકાશ INS સરદાર પટેલના પ્રથમ કમાન્ડિંગ ઓફિસર છે. ગુજરાતનાં બંદરો પર દર વર્ષે 300 મીલીયન ટન કાર્ગોનું પરિવહન થાય છે. જે ભારતનાં બંદરોમાં કુલ માલવહનના 30% છે. ગુજરાત 880 નોટિકલ માઈલ (12 નોટિકલ માઈલ = 22.2 કિમી) લાંબો દરિયાકિનારો ધરાવે છે. ઉપરાંત ગુજરાત પાકિસ્તાન સાથે 532 કિમી લાંબી લેન્ડ બાઉન્ડ્રીની ભાગીદારી ધરાવે છે.



www.crackgpsc.com

- **શશિ કપૂરને દાદા સાહેબ ફાળકે પુરસ્કાર 2014 આપવામાં આવ્યો**

ભારતીય સિનેમામાં તેમના યોગદાન માટે શશિ કપુર ભારતીય સિનેમા જગતના સૌથી મોટા સન્માન દાદા સાહેબ ફાળકે પુરસ્કાર 2014થી સન્માનિત. તેમણે દિવાર, કભી કભી, નમક હલાલ, શાન, સત્યમ શિવમ સુન્દરમ, ત્રિશુલ, કાલા પથ્થર, સિલસિલા જેવી ફિલ્મો સહિત 116 ફિલ્મોમાં અભિનય કરેલ છે. દાદા સાહેબ ફાળકે પુરસ્કાર સુચના પ્રસારણ વિભાગ, ભારત સરકાર તરફથી આપવામાં આવતો વાર્ષિક પુરસ્કાર છે.

- **પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનાને (PMJJBY)ની શરૂઆત**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોલકાતા, પ. બંગાળમાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY)ની શરૂઆત કરી. આ યોજના અંતર્ગત 330 રૂપિયા વાર્ષિક પ્રીમીયમની ચુકવણી બદલ 2,00,000 રૂપિયાના જીવન વીમાનો લાભ મળશે. PMJJBYનો લાભ 18 થી 50 વર્ષની વયના એવા લોકોને મળશે જેમનું બેંકમાં ખાતું હશે, જેનાથી ઓટો ડેબીટ સુવિધા દ્વારા પ્રીમીયમ વસુલ કરવામાં આવશે.

- **વડાપ્રધાને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY)ની શરૂઆત કરી**

નરેન્દ્ર મોદીએ 9 મે 2015ના રોજ કોલકાતા, પ. બંગાળમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY)ની શરૂઆત કરી. આ એક અકસ્માત વીમા યોજના છે. જે અનુસાર દુર્ઘટનામાં મૃત્યુ અને પૂર્ણ વિકલાંગતાની પરિસ્થિતિમાં 2,00,000 રૂપિયા અને આંશિક વિકલાંગતાની પરિસ્થિતિમાં 1,00,000 રૂપિયાના વીમાની જોગવાઈ છે. આ માટે વાર્ષિક 12 રૂપિયાનું પ્રીમીયમ છે. આ યોજના 18થી 70 વર્ષની ઉંમરના એવા લોકો માટે છે જેમનું બેંક એકાઉન્ટ હશે, જેમાં ઓટો ડેબીટ સુવિધા દ્વારા પ્રીમીયમ વસુલ કરવામાં આવશે.

- **અટલ પેન્શન યોજના (એપીવાય)ની શરૂઆત**

અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોલકાતા, પ. બંગાળમાં અટલ પેન્શન યોજના (એપીવાય)ની શરૂઆત કરી. આ યોજના 1 જુન 2015થી લાગુ થશે. આ યોજના અનુસાર 60 વર્ષની વય થયે 1000 રૂપિયાથી માંડીને 5000 રૂપિયા સુધી માસિક પેન્શન મળશે, જે તેમના ફાળા પર આધારિત હશે. આ ફાળો કોઈ વ્યક્તિના યોજનામાં દાખલ થવાના સમયે તેની વય મુજબ નક્કી કરવામાં આવશે. કેન્દ્ર સરકાર ખાતામાં દર વર્ષે કુલ ફાળાનો અડધો ભાગ અથવા 1000 રૂપિયા, તેમાં જે ઓછુ હશે તે જમા કરાવશે. અટલ પેન્શન યોજનામાં સામેલ થવા માટેની લઘુત્તમ વય 18 વર્ષ અને અધિકતમ વય 40 વર્ષ છે. રાષ્ટ્રીય નમુના સર્વેક્ષણ સંગઠન (NSSO)ના સર્વે 2011-12 અનુસાર ભારતમાં કુલ શ્રમ શક્તિ અંતર્ગત 88% અસંગઠિત ક્ષેત્રના શ્રમિક છે. પણ તેમના માટે કોઈ પણ ઔપચારિક પેન્શનની જોગવાઈ નથી. કેન્દ્ર સરકારે વર્ષ 2010-11માં

www.crackgpsc.com

અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત વ્યક્તિઓ માટે 'સ્વાવલંબન' નામની એક પેન્શન યોજના આરંભ કરી હતી. જો કે આ યોજના સફળ ન થઇ. સ્વાવલંબન યોજનાને યોગ્ય સમર્થન ન મળવાથી તે યોજનાને નવા સ્વરૂપમાં રજુ કરવાના હેતુથી અટલ પેન્શન યોજના (APY) શરુ કરવામાં આવી.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બર્નપુર ઈસ્કો સ્ટીલ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બર્નપુર ઈસ્કો સ્ટીલ પ્લાન્ટ (ISP) રાષ્ટ્રને સમર્પિત કર્યો. આઈએસપીના નવા પ્લાન્ટનું નિર્માણ માત્ર 950 એકર જમીનમાં કરવામાં આવ્યું છે, જે તેને ઉદ્યોગના માપદંડો દ્વારા દુનિયાના સૌથી કોમ્પેક્ટ પ્લાન્ટ્સમાંથી એક બનાવે છે.

- **રાષ્ટ્રપતિએ મોસ્કોમાં ભારતીય સંસ્કૃતિ ઉત્સવ 'નમસ્તે રૂસ'નું ઉદઘાટન કર્યું**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ મોસ્કોમાં ભારતીય સંસ્કૃતિ ઉત્સવ 'નમસ્તે રૂસ'નું ઉદઘાટન કર્યું. તેના અંતર્ગત ભારતીય સમૂહ રશિયાના વિભિન્ન શહેરોમાં નૃત્ય અને સંગીતના કાર્યક્રમ રજુ કરશે. આ ઉપરાંત ભારતીય કલાકારોના પેઇન્ટિંગ્સ અને મૂર્તિઓનું એક્ઝિબિશન પણ યોજવામાં આવશે.

- **ભારતીય મૂળનાં પ્રીતિ પટેલ બ્રિટીશ મંત્રીમંડળમાં સામેલ**

  ભારતીય મૂળનાં બ્રિટીશ નાગરિક પ્રીતિ પટેલને બ્રિટીશ સરકારે ટ્રેઝરી મિનિસ્ટર નિયુક્ત કર્યાં. તેમને કેબિનેટનો દરજ્જો આપવામાં આવ્યો. તેઓ એસેક્સની વિટહમ સીટ પર ભારે બહુમતિથી બીજી વખત ચૂંટાયાં. ગુજરાતી માતા-પિતાનાં સંતાન સુશ્રી પટેલનાં માતા પિતા 1960ના દાયકામાં યુગાન્ડામાં ત્યાંના તત્કાલીન તાનાશાહ ઈદી અમીનની દમન નીતિથી ત્રાસીને ઇંગ્લેન્ડમાં આવી વસી ગયાં હતાં.

- **હરિયાણાએ પાંચમી રાષ્ટ્રીય જુનિયર મહિલા હોકી ટ્રોફી જીતી**

  હરિયાણાએ ઝારખંડને હરાવીને પાંચમી રાષ્ટ્રીય જુનિયર મહિલા હોકી સ્પર્ધાનો ખિતાબ જીત્યો. આ સ્પર્ધામાં દેશનાં અલગ અલગ રાજ્યોની કુલ 32 ટીમોએ ભાગ લીધો.

- **આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં જે. જયલલિતા નિર્દોષ**

  આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં કર્ણાટક હાઈકોર્ટે તમિલનાડુનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી જે. જયલલિતાને તેમનાં સહેલી શશીકલા સહિત ત્રણ અન્ય સહયોગીને નિર્દોષ જાહેર કર્યાં. 68 કરોડ રૂપિયાની આવક કરતાં વધુ સંપત્તિ અર્જિત કરવા માટેના 19 વર્ષ જુના કેસમાં જયલલિતા પર કોઈ સરકારી પદ લેવા અને છ વર્ષ સુધી ચૂંટણી લડવા માટે પ્રતિબંધ હતો.

કરન્ટ શતક
Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત
www.crackgpsc.com

- **મેડ્રિડ માસ્ટર્સ ટેનિસ સ્પર્ધા**

  બ્રિટનના ટેનિસ ખેલાડી એન્ડી મર્રેએ સ્પેનના ખેલાડી રાફેલ નડાલને હરાવીને મેડ્રિડ માસ્ટર્સ ટેનિસ 2015નો પુરુષ એકલ ખિતાબ જીત્યો. ચેક ગણરાજ્યની પેટ્રા ક્વેટોવાએ મહિલા એકલ ખિતાબ જીત્યો. રોહન બોપન્ના અને ફ્લોરિયન મર્જીયાની જોડીએ પુરુષ યુગલ ખિતાબ જીત્યો. વર્ષ 1990થી આ ટુર્નામેન્ટની શરૂઆત થઇ. આ ટુર્નામેન્ટનું પૂરું નામ Mutua Madrilena Madrid Open છે.

- **અંગોની રચના કરનાર માસ્ટર પ્રોટિન એફજીએફઆર 1ની શોધ**

  અમેરિકન વૈજ્ઞાનિકોએ અંગોની રચનામાં સક્રિય ભાગ ભજવનાર માસ્ટર પ્રોટિન 'એફજીએફઆર 1'ની શોધ કરી. એફજીએફઆર 1 જીન સંરચનામાં ટોચ પર હોય છે, જે બહુકોષીય જીવ-જંતુના વિકાસને દર્શાવે છે. તે તંત્રિકા તંત્ર, માંસપેશી અને હાડકાઓના નિર્માણમાં પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. તેનાથી કેન્સરના ઇલાજમાં મદદ મળશે.

- **સાઈરેક જોસેફ એનએચઆરસીના કાર્યકારી અધ્યક્ષ નિયુક્ત**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ન્યાયાધીશ સાઈરેક જોસેફને રાષ્ટ્રીય માનવાધિકાર પંચ (નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન, NHRC)ના કાર્યકારી અધ્યક્ષ નિયુક્ત કર્યા. તેમણે 2007થી 2010 સુધી ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપી. સાઈરેક જોસેફ ભારતના મુખ્ય ન્યાયાધીશના પદ પર નિયુક્ત થનાર દલિત મૂળના પ્રથમ વ્યક્તિ હતા.

- **ભારતમાં નેશનલ ટેકનોલોજી દિવસ ઉજવાયો**

  11 મેના રોજ ભારતમાં નેશનલ ટેકનોલોજી દિવસ ઉજવવામાં આવ્યો. તેને પોખરણમાં કરવામાં આવેલ પરમાણુ પરીક્ષણ 'શક્તિ'ની વર્ષગાંઠ નિમિત્તે ઉજવવામાં આવે છે. આ દિવસ વિજ્ઞાનનું મહત્વ દર્શાવતાં વિદ્યાર્થીઓને વિજ્ઞાનને કારકિર્દી વિકલ્પ તરીકે પસંદ કરવા માટે પ્રેરિત કરે છે.

- **ICC દ્વારા પ્રકાશિત ટેસ્ટ રેન્કિંગમાં ભારત ચોથા સ્થાને**

  આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા બહાર પાડેલ ટેસ્ટ રેન્કિંગમાં ભારત ચોથા ક્રમે છે. આ યાદીમાં પ્રથમ સ્થાને સાઉથ આફ્રિકા છે. ICC દુબઈમાં આવેલ છે.

- **ગિર અભયારણ્યમાં એશિયન સિંહોની સંખ્યા 523**

  સિંહ ગણતરી રિપોર્ટ 2015 અનુસાર ગિર અભયારણ્ય અને તેની આસપાસનાં ક્ષેત્રોમાં એશિયન સિંહોની સંખ્યા 523 છે. આ પહેલાં 2010ની ગણતરીમાં સિંહોની સંખ્યા 411 હતી. આ મુજબ સિંહોની સંખ્યામાં 27% વૃદ્ધિ થઇ છે. રિપોર્ટ અનુસાર સિંહણની સંખ્યા 201, નર સિંહોની સંખ્યા

www.crackgpsc.com

109 અને બચ્ચાંની સંખ્યા 213 છે. સૌથી વધુ સિંહ જૂનાગઢ જીલ્લામાં (268) છે. સિંહોના નિવાસ સ્થાનમાં છેલ્લાં પાંચ વર્ષોમાં લગભગ બમણી વૃદ્ધિ થઇ છે અને હવે આ ક્ષેત્ર 22,000 ચો. કિમી. થઇ ગયું છે. આ એશિયન સિંહોની 14મી ગણતરી હતી. સિંહોની ગણતરી ગુજરાત રાજ્યના વનવિભાગ દ્વારા દર પાંચ વર્ષે કરાવવામાં આવે છે. વિશ્વમાં એશિયન સિંહો માત્ર ગિર અભયારણ્યમાં જોવા મળે છે અને ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર દ્વારા તેને 'રેડ લિસ્ટ'માં સામેલ કરવામાં આવેલ છે.

- **પ્રો. પ્રદીપકુમાર જોશી UPSCના સભ્ય નિયુક્ત**

  કેન્દ્ર સરકારે પ્રો. પ્રદીપકુમાર જોશીને UPSCના સભ્ય નિયુક્ત કર્યા. હાલમાં તેઓ છત્તીસગઢ પબ્લિક સર્વિસ કમીશનના ચેરમેન છે. બંધારણની કલમ 315-323માં એક UPSC અને રાજ્યો માટે સ્ટેટ પબ્લિક સર્વિસ કમિશનની રચનાની જોગવાઈ છે. કમિશનના સભ્ય રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત થાય છે. શ્રીમતી રજની રાજદાન UPSC નાં વર્તમાન અધ્યક્ષા છે.

- **જીસના મેથ્યુએ 400 મીટર દોડમાં નવો રાષ્ટ્રીય યુવા રેકોર્ડ બનાવ્યો**

  ભારતની જીસના મેથ્યુએ એશિયન યુથ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં છોકરીઓની 400 મીટર દોડમાં નવો રાષ્ટ્રીય યુવા રેકોર્ડ બનાવીને રજત ચંદ્રક જીત્યો. જીસનાએ 53.84 સેકન્ડનો સમય લીધો. બહેરીનની સાલવા ઈદ નાસીરે 53.02 સેકન્ડ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો.

- **ATP રેન્કિંગમાં ભારતની ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા ટોચ પર**

  વિશ્વ ટેનિસ મહાસંઘ દ્વારા પ્રસ્તુત ATP રેન્કિંગમાં મહિલા યુગલમાં ભારતની ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા ટોચના સ્થાને છે. ભારતના રોહન બોપન્નાએ 21મુ, લિએન્ડર પેસે 24મુ સ્થાન મેળવ્યું.

- **નિકેશ અરોડા જાપાનની કંપની સોફ્ટબેંક કોર્પના અધ્યક્ષ નિયુક્ત**

  ભારતીય મૂળના નિકેશ અરોડા જાપાનની બહુરાષ્ટ્રીય દુરસંચાર અને ઈન્ટરનેટ કંપની સોફ્ટબેંક કોર્પના અધ્યક્ષ નિયુક્ત. આ પહેલાં તેઓ 10 વર્ષ સુધી ગુગલમાં સિનીયર ઉપાધ્યક્ષ અને ચીફ બિઝનેસ ઓફિસર તરીકે કાર્યરત હતા. 2014માં તેઓ સોફ્ટબેંક કોર્પમાં જોડાયા.

- **વનિતા નારાયણન AMCHAM ઇન્ડિયાનાં પ્રથમ મહિલા અધ્યક્ષ નિયુક્ત**

  વનિથા નારાયણન અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ ઇન ઇન્ડિયા (AMCHAM) નાં પ્રથમ મહિલા અધ્યક્ષ નિયુક્ત. વનિથા નારાયણન IBM ઇન્ડિયાનાં CMD છે. તેમણે માર્કેટિંગ તથા ઇન્ફર્મેશન સિસ્ટમમાં MBA કર્યું છે. AMCHAM ઇન ઇન્ડિયા અમેરિકન વેપાર સંગઠનોનો ભારતીય સંઘ છે. તે ભારતમાં અમેરિકન વેપારી મુદ્દાઓ સંબંધિત કાર્યપ્રણાલીઓ તથા અમેરિકન વેપારી સંગઠનોનાં હિતની દેખરેખ રાખે છે.

www.crackgpsc.com

- **અરુણ પુદૂર 40 વર્ષથી ઓછી ઉંમરના સૌથી ધની એશિયાઈ સાહસિક**

વેલ્થ-એક્સની એશિયાના 40 વર્ષથી ઓછી ઉંમરના અબજપતિ સાહસિકોની યાદી મુજબ સોફ્ટવેર કંપની સેલ્ફેમના માલિક અરુણ પુદૂર પ્રથમ ક્રમે. 37 વર્ષીય પુદૂર ચેન્નઈના નિવાસી છે. તેમની કંપની માઈક્રોસોફ્ટ બાદ વર્ડ પ્રોસેસર બનાવનાર દુનિયાની બીજા નંબરની સૌથી મોટી કંપની છે . વેલ્થ-એક્સની યાદીમાં સૌથી યુવા સાહસિક 32 વર્ષીય લિયો ચેન છે જે સૂચિમાં બીજા ક્રમે છે .તેઓ ચીનની સૌથી મોટી કોસ્મેટિક્સ રીટેલ કંપની જુમેઈ ઇન્ટરનેશનલ હોલ્ડિંગના અધ્યક્ષ તથા CEO છે.

- **કે વી કામત બ્રિકસની નવ વિકાસ બેંકના પ્રથમ અધ્યક્ષ**

ખાનગી ક્ષેત્રની ICICI બેંકના નોન-એક્ઝીક્યુટીવ ચેરમેન કે વી કામતને 'બ્રિકસ' દેશો દ્વારા સ્થાપિત 10 અબજ ડોલરની NDB (New Development Bank, બ્રિક્સ બેંક)ના પ્રથમ અધ્યક્ષ બનાવવામાં આવ્યા. એનડીબીમાં દરેક સભ્યનો ફાળો 10 અબજ ડોલર છે. એનડીબીના અધ્યક્ષનો કાર્યકાળ પાંચ વર્ષનો હશે. તેનું મુખ્યાલય ચીનના શાંઘાઈ શહેરમાં સ્થાપિત થશે. આ બેંકની સ્થાપના બ્રિકસ દેશોએ કરી છે. બ્રિકસ (BRICS)માં પાંચ વિકાસશીલ દેશો બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા સામેલ છે. સમજુતી અનુસાર ભારતને આ બેંકના પ્રથમ અધ્યક્ષ નિયુક્ત કરવાનો અધિકાર હતો. ભારત પહેલાં છ વર્ષો સુધી આ બેંકની અધ્યક્ષતા કરશે. તે બાદ બ્રાઝિલ અને રશિયા પાંચ-પાંચ વર્ષના સમયગાળા સુધી તેની અધ્યક્ષતા કરશે. બ્રિકસ દેશો વૈશ્વિક વસ્તીના 40%નું પ્રતિનિધિત્વ કરે છે.

- **લી એલન જોન્સન ભારતીય અંડર 19 ફૂટબોલ ટીમના મુખ્ય કોચ નિયુક્ત**

અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘે (AIFF) બ્રિટનના લી એલન જોન્સનને ભારતીય અંડર 19 ફૂટબોલ ટીમના મુખ્ય કોચ નિયુક્ત કર્યા. જોન્સન અન્ડર 19 ટીમના મેનેજર ઉપરાંત સિનીયર ફૂટબોલના ટીમના સહ કોચ તથા હેડ સ્કાઉટની ભૂમિકા પણ ભજવશે.

- **પ્રથમ એશિયન યુથ એથ્લેટિક્સ સ્પર્ધામાં ભારત પાંચમા સ્થાને**

ભારત પ્રથમ એશિયન યુથ એથ્લેટિક્સ ગેમ્સ (2015)માં 2 સુવર્ણ, 6 રજત અને 6 કાંસ્યચંદ્રક સહિત કુલ 14 ચંદ્રકો જીતીને પાંચમા સ્થાને રહ્યું. એશિયન યુથ એથ્લેટિક્સ ગેમ્સ 2015નું આયોજન કતારના દોહામાં કરવામાં આવ્યું. તેમાં ચીને કુલ 32 ચંદ્રક જીતીને પ્રથમ સ્થાન મેળવ્યું.

- **લેખક નીલ મુખરજી વર્ષ 2015ના એનકોર પુરસ્કારથી સન્માનિત**

લેખક નીલ મુખરજીને તેમની નવલકથા 'ધ લાઈવ્સ ઓફ અધર્સ' માટે બ્રિટનના એનકોર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. નવલકથામાં 1960ના દાયકામાં કોલકાતામાં રહેનાર

www.crackgpsc.com

એક પરિવારનો ઉલ્લેખ છે. નવલકથામાં સમાજના રાજકીય અને સામાજિક આરોપોને દર્શાવવામાં આવેલ છે. તે સાથે જ આ નવલકથામાં બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન ભૂખમરો, ભારતની સ્વતંત્રતા અને નકસલવાદી અંદોલનનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

- **તેલંગાણા સરકારે ગુગલ સાથે સમજુતી કરાર કર્યા**

તેલંગાણા સરકારે ગુગલ સાથે સમજુતી કરાર કર્યા. જે અનુસાર ગુગલ હૈદરાબાદમાં પોતાનું એક પરિસર બનાવશે. આ ઉપરાંત, ગુગલે પોતાના સ્ટ્રીટવ્યુ પ્રોજેક્ટમાં પણ હૈદરાબાદને સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. ગુગલનો આ પ્રોજેક્ટ ગુગલ મેપનું જ અંગ છે. નિર્માણનું કામ પૂર્ણ થયા બાદ આ ગુગલનું વિશ્વમાં બીજું અને એશિયાનું પ્રથમ સૌથી મોટું પરિસર હશે. આ પરિસરનું ક્ષેત્રફળ 20 લાખ વર્ગ કિલોમીટર હશે.

- **હરભજન કૌર ધીર બ્રિટનમાં મહાપૌર ચૂંટાઈ આવનાર પ્રથમ એશિયન મહિલા**

ભારતીય મૂળનાં હરભજન કૌર ધીર બ્રિટનમાં મેયર તરીકે ચૂંટાઈ આવનાર પ્રથમ એશિયન મહિલા બન્યાં. હરભજન કૌર ઘણી શાળાઓમાં ગવર્નર તરીકે પણ કામ કરી ચૂક્યાં છે. તે ઉપરાંત કૌર માનસિક રીતે અસ્વસ્થ બાળકો અને વયસ્કોના અધિકારો માટે પણ કાર્ય કરે છે. તેમણે સ્વયંસેવિકા તરીકે દેશમાં ઘણા સમાજ સુધારણાના કાર્યો કર્યાં.

- **રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ચાર રાજ્યોના રાજ્યપાલોની નિમણુક કરી**

રાષ્ટ્રપતિ પ્રણવ **મુખરજીએ** ચાર રાજ્યોના રાજ્યપાલોની નિમણુક કરી અને બે રાજ્યપાલોની બદલી કરી. તથાગત રાય ત્રિપુરાના, દ્રોપદી મુમરુ ઝારખંડના, વી ષણમુગનાથન મેઘાલયના અને જે પી રાજખોઆ અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ નિયુક્ત. અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ નિર્ભય શર્માની મિઝોરમમાં બદલી કરાઈ. ઝારખંડના રાજ્યપાલ સૈયદ અહમદને મણિપુરના રાજ્યપાલ બનાવાયા.

✓ **રાજ્યપાલની નિમણુક**

રાજ્યપાલની નિમણુક ભારતીય બંધારણની કલમ 155 મુજબ પાંચ વર્ષ માટે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. રાજ્યપાલ પોતાના સંબંધિત રાજ્યની કાર્યપાલિકાના પ્રમુખ હોય છે, જે મંત્રી પરિષદની સલાહ મુજબ કાર્ય કરે છે. રાજ્યપાલ, રાષ્ટ્રપતિની ઈચ્છા હોય ત્યાં સુધી પદ પર રહી શકે છે. રાજ્યપાલ તરીકે ચૂંટાવા માટેની લાયકાત છે : (1) ભારતના નાગરિક હોય અને 35 વર્ષથી મોટી ઉમરના હોય. (2) કોઈ પ્રકારના લાભના પદે ન હોય. (3) રાજ્ય વિધાનસભાના સભ્ય બનવા માટે લાયક હોય.

- **ઉત્તરપ્રદેશ સરકારે સમાજવાદી જળ એટીએમ સેવાની શરૂઆત કરી**

બસ યાત્રીઓને યોગ્ય કિંમતે પીવાલાયક પાણી પૂરું પાડવા માટે ઉત્તરપ્રદેશ સરકારે બસ સ્ટેશનો પર 'સમાજવાદી જલ એટીએમ સેવા'ની શરૂઆત કરી. આ સેવા અંતર્ગત રાજ્યનાં વધુમાં વધુ બસ સ્ટેશનો પર જળ એટીએમ સ્થાપિત કરવામાં આવશે જેના દ્વારા 1 રૂપિયા/લિટરની કિંમતમાં સાદું પાણી અને ૨ રૂપિયા/લિટરની કિંમતે ઠંડા પાણીની સેવા પૂરી પાડવામાં આવશે.

- **ઇન્ડિયન ઓઈલ અને એનટીપીસીમાં ડિસઇન્વેસ્ટમેન્ટને મંજુરી**

કેન્દ્રીય મંત્રીમંડળે ઇન્ડિયન ઓઈલ કોર્પો. (IOC) અને રાષ્ટ્રીય તાપ વિદ્યુત નિગમ (NTPC)માં ડિસઇન્વેસ્ટમેન્ટને મંજુરી આપી. NTPCમાં 5% અને IOCમાં 10% ભાગીદારી વેચવાની મંજુરી આપવામાં આવી. કેન્દ્ર સરકાર તરફથી ચાલુ નાણાકીય વર્ષ 2015-16માં રોકાણનો આ પ્રથમ નિર્ણય છે. આનાથી સરકારને લગભગ 14,000 કરોડ રૂપિયા મળવાની આશા છે. સરકારની IOCમાં 68.57% અને NTPCમાં 74.96% ભાગીદારી છે. સરકારે વર્તમાન નાણાકીય વર્ષ માટે લગભગ 70,000 કરોડ રૂપિયાના રોકાણનો લક્ષ્યાંક રાખેલ છે.

- **મારુતિ સુઝુકી 1.5 કરોડ કાર બનાવનાર પ્રથમ ભારતીય કંપની બની**

ભારતની સૌથી મોટી કાર નિર્માતા કંપની મારુતિ સુઝુકી 1.5 કરોડ કાર બનાવનાર દેશની પ્રથમ કંપની બની. મારુતિ સુઝુકીની પ્રથમ કાર ગુડગાંવ પ્લોટમાં 1983માં બની હતી. તે મારુતિ-800 મોડલ હતી. મારુતિ સુઝુકીની 1.5 કાર બનાવવાની સફર 31 વર્ષ અને પાંચ મહિનાની રહી.

- **ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ ઈશ્યુ કરનાર પ્રથમ રાજ્ય બન્યું પંજાબ**

કેન્દ્ર સરકારની સોઇલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત પંજાબ સોઇલ હેલ્થ કાર્ડ ઈશ્યુ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું. કેન્દ્ર સરકારની આ યોજના અનુસાર દરેક રાજ્યના દરેક જીલ્લામાં મોબાઈલ સોઇલ ટેસ્ટીંગ લેબોરેટરી સ્થાપવામાં આવશે. વર્તમાનમાં પંજાબ સરકારે આવી 66 લેબોરેટરી સ્થાપિત કરી છે જેની ક્ષમતા એક વર્ષમાં 3.5 લાખ નમૂનાનું પરીક્ષણ કરવાની છે.

✓ **સોઇલ હેલ્થ કાર્ડ યોજના**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના શ્રીગંગાનગર જીલ્લાના સૂરતગઢ કસ્બામાં **સોઇલ હેલ્થ કાર્ડ યોજના**ની શરૂઆત કરી હતી. આ યોજનાનો હેતુ પોષક તત્વો અને ખાતરના યોગ્ય ઉપયોગથી ઉત્પાદકતામાં સુધારો લાવીને ખેડૂતોની મદદ કરવાનો છે. યોજના અનુસાર ત્રણ વર્ષમાં 14 કરોડ **સોઇલ હેલ્થ કાર્ડ** ઈશ્યુ કરવામાં આવશે. નાણાકીય વર્ષ 2014-15માં લગભગ 3 કરોડ ખેડૂતોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

www.crackgpsc.com

- **બ્લેક મની બિલ સંસદમાં પસાર**

કાળા નાણા સંબંધી બિલ લોકસભા અને રાજયસભામાં પસાર. તે મુજબ કાળુ ધન ધરાવનાર માટે સ્કીમ લાવવામાં આવશે. સમય સમાપ્ત થતા 30% ટેક્સ ઉપરાંત 90% દંડ ચૂકવવો પડશે. તે સિવાય દસ વર્ષ સુધીની જેલ પણ ભોગવવી પડશે. તે સાથે જ દોષીની ભારત સ્થિત મિલકત જપ્ત કરવાનો અધિકાર પણ તપાસ એજન્સીઓને મળી જશે. વિદેશોમાં જમા ધનનું રિટર્ન નહિ ભરનારને 10 લાખ રૂપિયા સુધીના દંડની પણ તેમાં જોગવાઈ છે.

- **માનવ મૂડી સૂચકાંકમાં ભારત 100મા સ્થાને : વિશ્વ આર્થિક મંચ**

વિશ્વ આર્થિક મંચ દ્વારા બહાર પાડવામાં આવેલ વૈશ્વિક ‘માનવ મૂડી સૂચકાંક’માં ભારતનું 100મું સ્થાન છે. 124 દેશોની આ યાદીમાં ફિનલેન્ડ પ્રથમ ક્રમે છે. આ સૂચકાંકમાં માનવ મૂડીના વિકાસ અને તેના ઉપયોગનું એસ્ટીમેશન કરવામાં આવે છે. તેનું લક્ષ્ય એ સમજવાનું છે કે દેશ પોતાની માનવ ક્ષમતાનો યોગ્ય ઉપયોગ કરે છે કે તેને બરબાદ કરી રહ્યો છે.

- **મંત્રીમંડળે ‘નમામિ ગંગે’ કાર્યક્રમને મંજુરી આપી**

‘નમામિ ગંગે’ કાર્યક્રમ અંતર્ગત સમન્વિત પ્રયાસોથી ગંગા નદીને વ્યાપક રીતે સ્વચ્છ અને સંરક્ષિત કરવામાં આવશે. આ કાર્યક્રમ માટે 20000 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું. ભારત સરકારે 1985થી ચાલી રહેલ આ કામ માટે કુલ 4000 કરોડ રૂપિયા ખર્ચ્યા છે. વર્ષ 1986માં તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ 462 કરોડ રૂપિયાના ખર્ચવાળા ‘ગંગા એક્શન પ્લાન’ને મંજુરી આપી હતી, જેનો મુખ્ય હેતુ નદીનું પ્રદુષણ રોકવાનો અને તેના પાણીની ગુણવત્તા સુદ્રઢવાનો હતો. ગંગા દેશની સૌથી પ્રદુષિત નદી છે, જેનું પ્રદુષણ સ્તર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા ‘સુરક્ષિત’ બતાવવામાં આવેલ પ્રદુષણ સ્તર કરતાં ૩૦૦૦ ગણું વધારે છે.

- **કેન્દ્ર સરકાર દ્વારા વારાણસીમા ‘ઉસ્તાદ’ યોજનાનો શુભારંભ**

કેન્દ્રીય સરકાર દ્વારા વારાણસીમાં ‘ઉસ્તાદ’ (Upgrading the Skills And Training in Traditional Arts-Crafts for Development, USTAD) યોજનાનો શુભારંભ. આ યોજના વડાપ્રધાનના ‘સબકા સાથ સબકા વિકાસ’ કાર્યક્રમનો ભાગ છે. ‘ઉસ્તાદ’ યોજના હેઠળ શિલ્પીઓ અને વણકરોને તાલીમ અને કૌશલ વિકાસની સાથે સાથે તેમના ઉત્પાદનોના વેચાણમાં પણ મદદ આપવામાં આવશે.




www.crackgpsc.com

- **યુસી વેબ બ્રાઉઝરે યુવરાજ સિંહને પોતાનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો**

આઈપીએલ આઠના સૌથી મોંઘા ખેલાડી અને ધુરંધર ઓલરાઉન્ડર યુવરાજસિંહને યુસી વેબ બ્રાઉઝરે પોતાનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો. યુવરાજસિંહ અને યુસી બ્રાઉઝરે સંયુક્ત રૂપે ક્રિકેટ પ્રશંસકો માટે યુસી વેબ બ્રાઉઝરનું એક ખાસ વર્ઝન - 'યુસી બ્રાઉઝર યુવી વર્ઝન' પ્રસ્તુત કર્યું.

- **ઓપાહ નામની વિશ્વની પ્રથમ ગરમ લોહીવાળી માછલીની શોધ**

અમેરિકન વૈજ્ઞાનિકોએ ઓપાહ કે મૂનફીશ નામની દુનિયાની પ્રથમ ગરમ લોહીવાળી માછલી શોધી. તેનું વજન 90 કિલો સુધી હોય છે. લોહીનું તાપમાન વધુ હોવાથી આ માછલી સમુદ્રના એવા ઊંડાણોમાં જીવી શકે છે અને શિકાર કરે છે જ્યાં અન્ય માછલીઓ જીવી શકતી નથી.

- **SBIએ સંપર્ક રહિત કાર્ડ SBIN ટચની શરૂઆત કરી**

SBIએ એસબીઆઈએન ટચ નામનું સંપર્ક રહિત ક્રેડીટ અને ડેબીટ કાર્ડ શરુ કર્યું. આ કાર્ડમાં નિઅર ફિલ્ડ કોમ્યુનીકેશન (NFC) ટેકનોલોજીનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેના માધ્યમથી ગ્રાહક મશીનના રીડર સામે કાર્ડ બતાવીને જ પેમેન્ટ કરી શકશે. આ કાર્ડ પહેલાં કરતાં વધુ સુરક્ષિત છે અને તેનો ઉપયોગ પણ સરળ છે. આ કાર્ડ અંતર્ગત 1 લાખ રૂપિયાના ફ્રોડને પણ આવરી લેવામાં આવેલ છે. ખાનગી બેન્કોમાં ICICI બેંક અને HDFC બેંક આ પહેલાં આ પ્રકારનાં કાર્ડ ઈશ્યુ કરી ચુકી છે.

- **એમ જે જોસેફ કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ બન્યા**

આઇએએસ અધિકારી એમ જે જોસેફને નાણા મંત્રાલયમાં કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (CGA) નિયુક્ત કરાયા. આ નિમણુક પહેલાં તેઓ બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)ના ડિરેક્ટર જનરલ હતા. તેઓ જવાહર ઠાકુરનું સ્થાન લેશે.

- **તેજસ્વિનીએ અંડર 15 વર્લ્ડ સ્કુલ શતરંજ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો**

ભારતની તેજસ્વિની સાગરે શ્રીલંકાની કવિન્યા મિયુની રાજપક્ષેને પરાજિત કરીને વર્લ્ડ સ્કુલ શતરંજ ચેમ્પિયનશિપની 'અંડર 15' શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. આ તેજસ્વિનીનો પ્રથમ પ્રયાસ હતો.




- **ગગન નારંગે ISSF વર્લ્ડ કપમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો**

  ભારતના નિશાનેબાજ ગગન નારંગે ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન (ISSF)ની 50 મીટર રાઈફલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો. સ્પર્ધામાં અમેરિકાના માઈકલ મૈકફૈલે 208.8 પોઈન્ટ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો.

- **અનુરાધા પ્રસાદ 'પંડિત હરીદત્ત શર્મા પુરસ્કાર'થી સન્માનિત**

  બીએજી ફિલ્મ્સ એન્ડ મીડિયા લિમિટેડનાં CMD અનુરાધા પ્રસાદને પત્રકારત્વ ક્ષેત્રે નોંધપાત્ર ફાળા બદલ 'પંડિત હરીદત્ત શર્મા પુરસ્કાર'થી નવાજવામાં આવ્યાં. આ પુરસ્કાર દર વર્ષે લેખન, સમાજસેવા, રાષ્ટ્રહિત સાથે જોડાયેલ અને રચનાત્મક પત્રકારત્વ ક્ષેત્રે આપવામાં આવે છે.

- **પરમાણું ઊર્જા પર છઠ્ઠું રાષ્ટ્રીય સંમેલન નવી દિલ્હીમાં સંપન્ન**

  પરમાણુ ઊર્જા પર છઠ્ઠું રાષ્ટ્રીય સંમેલન નવી દિલ્હીમાં સંપન્ન થયું. તેનું આયોજન એસોચેમે (The Associated Chambers of Commerce and Industry of India, ASSOCHAM) કર્યું. પરમાણુ ઊર્જા પર છઠ્ઠા રાષ્ટ્રીય સમ્મેલનનું વિષય વસ્તુ 'પરમાણુ ઊર્જા: સ્વચ્છ ઊર્જા વિકલ્પ' રાખવામાં આવ્યું.

- **પશ્ચિમ બંગાળના રાજારહટમાં કોલ ઇન્ડિયા લિમિટેડના નવા મુખ્ય મથકનું ઉદઘાટન**

  પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજારહટમાં કોલ ઇન્ડિયા લિમિટેડના નવા મુખ્યાલયનો શુભારંભ કર્યો. કોલ ઇન્ડિયા લિમિટેડ (CIL) એક મહારત્ન કંપની છે. તે વિશ્વની સૌથી વધુ કોલસા ઉત્પાદક કંપની છે. ભારતમાં કોલસા ઉત્પાદનમાં તેનો ફાળો લગભગ 81% છે.

- **સેનાના પૂર્વ બ્રિગેડીયર ડેવિડ ગ્રેન્જર ગુયાનાના નવા રાષ્ટ્રપતિ**

  સેનાના પૂર્વ બ્રિગેડીયર ડેવિડ ગ્રેન્જરે ગુયાનાના નવા રાષ્ટ્રપતિ રૂપે શપથ લીધા. રાષ્ટ્રીય ચૂંટણીઓમાં APNU-AFC ગઠબંધને સત્તાધારી પીપલ્સ પ્રોગ્રેસીવ પાર્ટી (PPP)ને હરાવી. આ સાથે જ ગુયાનામાં પીપલ્સ પ્રોગ્રેસીવ પાર્ટીના 23 વર્ષ જૂના શાસનનો અંત આવ્યો.

- **મિસરના પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ મોહમ્મદ મુર્સીને મૃત્યુદંડ**

  મિસરની કાહિરા અદાલતે મિસરના પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ મોહમ્મદ મુર્સીને મૃત્યુની સજા ફરમાવી. આ સજા 2011માં વિદ્રોહ દરમ્યાન મોટાપાયે દેશમાં જેલ તોડવાની ઘટનાના આરોપસર કરવામાં આવી છે. પરંતુ મિસરના લૉ મુજબ મૃત્યુની સજા જેવા મુદ્દા પર અંતિમ નિર્ણય લેવા માટે આ નિર્ણય મિસરના મુખ્ય ધાર્મિક નેતા મુફ્તી પાસે મોકલવામાં આવશે.



www.crackgpsc.com

આ પહેલાં પણ પોતાના કાર્યકાળ દરમ્યાન પ્રદર્શનકર્તાઓને બંદી બનાવવાના અને તકલીફો આપવાના આરોપમાં મુર્સીને 20 વર્ષની જેલની સજા ફરમાવવામાં આવી હતી. મુસ્લિમ બ્રધરહુડના નેતા મોહમ્મદ મુર્સી મિસરના પ્રથમ લોકશાહી ઢબે ચૂંટાયેલ રાષ્ટ્રપતિ હતા. પોતાની વિભાજક નીતિઓને કારણે મિસરની જનતાએ મુર્સીને હટાવવા માટે મોટા પાયે પ્રદર્શન કર્યું જેના પરિણામે જુલાઈ 2013માં તેમને સૈન્ય દ્વારા પદભ્રષ્ટ કરવામાં આવ્યા.

- **ભારત 68મી વિશ્વ સ્વાસ્થ્ય સભા (WHA)નું અધ્યક્ષ ચૂંટાયું**

ભારત, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની 68મી વિશ્વ સ્વાસ્થ્ય સભા (WHA)નું અધ્યક્ષ ચૂંટાયું. ભારતના કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડા જીનિવામાં વિશ્વ સ્વાસ્થ્ય સભાની 68મી બેઠકની અધ્યક્ષતા કરશે. ભારત 19 વર્ષ બાદ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની સર્વોચ્ચ નિર્ણાયક સંસ્થા WHA નું અધ્યક્ષ ચૂંટાયું. વર્ષ 1996માં પણ ભારત WHA નું અધ્યક્ષ બન્યું હતું.

- **વર્ષ 1990થી 2013 વચ્ચે શિશુ મૃત્યુ દરમાં 50% ઘટાડો**

યુનિસેફ દ્વારા પ્રસ્તુત એક રિપોર્ટ મુજબ વૈશ્વિક શિશુ મૃત્યુદરમાં લગભગ 50%નો ઘટાડો જોવાયો છે. વિશ્વના કુલ શિશુ મૃત્યુદરના 50% દક્ષિણ એશિયા તથા આફ્રિકાના પાંચ દેશોમાં નોંધાયેલ છે જેમાં ભારત (21%), નાઈજીરિયા (13%),પાકિસ્તાન (6%) કાંગો (5%) તથા ચીન(4%)નો સમાવેશ થાય છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુનું કારણ ન્યુમોનિયા, ડાયેરિયા તથા મેલેરિયા જેવી બિમારીઓ છે. સૌથી અધિક મૃત્યુ (44%) નવજાતના જન્મ સમયે થતાં હોવાનું નોંધાયેલ છે.

✓ **ભારતમાં શિશુ મૃત્યુ દર** : ભારતમાં દર વર્ષે 1.83 મિલિયન નવજાત શિશુ મૃત્યુ પામે છે, આ સંખ્યા વિશ્વમાં સૌથી અધિક છે. આ મૃત્યુદર 1000 પર મધ્યપ્રદેશમાં 92 જયારે કેરળમાં 14 છે.

- **નોવાક જોકોવિચે પોતાનો ચોથો રોમ માસ્ટર્સ ટેનિસ ખિતાબ જીત્યો**

સર્બિયાના નોવાક જોકોવિચે સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરરને હરાવીને પોતાનો ચોથો રોમ માસ્ટર્સ ટેનિસ ખિતાબ જીત્યો. રશિયાની મારિયા શારાપોવાએ સ્પેનની કાર્લા સુઅરેજ નવારોને હરાવીને મહિલા એકલનો ખિતાબ જીત્યો.

- **ધર્મગુરુ પોપ ફ્રાન્સિસે ફલસ્તીની સાધ્વીને આપ્યો સંતનો અધિકાર**

કેથલિક ખ્રિસ્તીઓના સૌથી મોટા ધર્મગુરુ પોપ ફ્રાન્સિસે 19મી સદીનાં બે ફલસ્તીની સાધ્વી (મેરી અલ્ફોન્સીસ ઘટ્ટાસ અને મરિયમ બવારડી)ને સંત જાહેર કર્યાં. અરબી મૂળનાં કોઈ ખ્રિસ્તીને પ્રથમ વખત સંત જાહેર કરાયાં.

www.crackgpsc.com

- **આયુષ વિભાગના વિકાસ માટે 5000 કરોડ રૂપિયા ભંડોળ ફાળવાયું**

  કેન્દ્ર સરકારે આયુષ વિભાગ (આયુર્વેદ, યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા, યુનાની, સિદ્ધ અને હોમીઓપેથી)ના વિકાસ માટે 5000 કરોડ રૂપિયા ફાળવ્યા. આ મિશનનું લક્ષ્ય આયુર્વેદ ક્ષેત્રે ક્ષમતા નિર્માણ કરવાનું છે.

## ➢ 3rd week

- **ઈથોપિયાના દોડવીર બન્યા ટીસીએસ વર્લ્ડ 10000 મીટર દોડના વિજેતા**

  બેંગલુરુમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ દ્વારા આયોજિત આઠમી 10000 મીટર દોડમાં મહિલા અને પુરુષ બન્ને વર્ગમાં ઇથોપિયાના દોડવીર વિજેતા રહ્યા. પુરુષ વર્ગમાં ઈથોપિયાના મોસિનેટ જેરેમ્યું, મહિલા વર્ગમાં ઈથોપિયાની મામીતુ દાસ્કા વિજેતા બન્યાં.

- **વિકાસ ગૌડાએ શંઘાઈ આઈએએએફ ડાયમંડ લીગમાં કાંસ્ય પદક જીત્યો**

  ભારતના ચક્રફેંક ખેલાડી વિકાસ ગૌડાએ ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ એથ્લેટિક્સ ફેડરેશનની **ડાયમંડ** લીગ શ્રેણીના બીજા ચરણમાં કાંસ્ય પદક જીત્યો. આ સ્પર્ધામાં પોલેન્ડના રોબર્ટ ઉર્બનેકે સ્વર્ણ પદક જીત્યો.

- **ભારત અને મંગોલિયા વચ્ચે 14 સમજૂતી પર હસ્તાક્ષર**

  ભારત અને મંગોલિયા વચ્ચે નવી વ્યુહાત્મક ભાગીદારી, સાઈબર સુરક્ષા, કૃષિ, પશુપાલન, નવીનીકરણીય ઉર્જા, સ્વાસ્થ્ય ક્ષેત્ર અને દોષિત કેદીઓના આદાનપ્રદાન સહિત 14 સમજૂતીઓ પર હસ્તાક્ષર થયા. મંગોલિયાની રાજધાની ઉલાન બટોરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મંગોલિયાના વડાપ્રધાન ચિમેદ સૈખાન બિલેગ વચ્ચે થયેલ ચર્ચા બાદ આ સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. ભારતે મંગોલિયાને એક અબજ ડોલર (63 અબજ રૂપિયા)ની લોન આપવાની પણ ઘોષણા કરી.

- **નરેન્દ્ર મોદી મંગોલિયા જનારા ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા**

  નરેન્દ્ર મોદી મંગોલિયા જનારા ભારતના પ્રથમ વડાપ્રધાન છે. નરેન્દ્ર મોદી મંગોલિયાની સંસદને સંબોધિત કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા. તે સાથે જ નરેન્દ્ર મોદી મંગોલિયાની સંસદને સંબોધિત કરનાર પ્રથમ વિદેશી નેતા પણ બન્યા.

- **વડાપ્રધાને મંગોલિયાના રાષ્ટ્રપતિને 'જમીઉત તવારીખ' પ્રતિકૃતિ ભેટ રૂપે આપી**

  મંગોલિયાની યાત્રાએ ગયેલ નરેન્દ્ર મોદીએ મંગોલિયાના રાષ્ટ્રપતિ સખિયાગિન એલ્બેગદોર્જને મંગોલોના ઈતિહાસ પર રામપુર રઝા પુસ્તકાલય, રામપુરની 13મી સદીની એક દુર્લભ

પાંડુલીપીની ખાસ રીતે પુનર્નિર્મિત પ્રતિકૃતિ ભેટ રૂપે આપી. 'જમીઉત તવારીખ' નામની આ કૃતિ ઈલખેનેટ રાજા ગાજન ખાન (1295-1304) દ્વારા શરુ કરવામાં આવેલ સૌથી ભવ્ય પરિયોજનાઓમાંની એક હતી. વડાપ્રધાન સૈખાન બિલેગે મોદીને મંગોલિયન ઘોડો કંઠકા ભેટમાં આપ્યો. નરેન્દ્ર મોદીએ મંગોલિયાનું પારંપરિક લોકપ્રિય સંગીત વાદ્યયંત્ર મોરિન ખુર વગાડ્યું. મંગોલિયાના રાષ્ટ્રપતિએ મોદીને આ સારંગી ભેટમાં આપી હતી.

✓ **મંગોલિયા**

મંગોલિયા ભારતની 'પૂરબ કી ઓર દેખો' (લૂક ઇસ્ટ પોલીસી) નીતિનો અભિન્ન ભાગ છે. વર્ષ 1206માં ચંગેઝખાન દ્વારા મંગોલ સામ્રાજ્યની સ્થાપના કરવામાં આવી હતી, પરંતુ યુઆન રાજવંશના પતન બાદ મંગોલ પોતાની જૂની રહેણીકરણી પર પાછા ફર્યા. 16મી અને 17મી શતાબ્દીમાં મંગોલિયા તિબેટીયન બૌદ્ધ ધર્મના પ્રભાવમાં આવ્યું. 17મી સદીના અંતે મંગોલિયાના અધિકાંશ ક્ષેત્રમાં ક્વિંગ રાજવંશનું શાસન હતું. 1911માં સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું.

- **ઈરાકના રમાદી શહેર પર ચરમપંથી સંગઠન ISનો કબજો**

  ઈરાકના રમાદી શહેર પર ઇસ્લામિક સ્ટેટના ચરમપંથીઓએ કબજો કરી લીધો. રમાદી, અલઅનબર પ્રાંતની રાજધાની છે. સુન્ની આતંકવાદીઓનો ગઢ મનાતા આ શહેરમાં છેલ્લા કેટલાક મહિનાઓથી અમેરિકન નેતૃત્વવાળી રચાયેલ સેના અને આતંકવાદીઓ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે.

- **કુલદીપ મલિક ભારતીય કુશ્તી ટીમના મુખ્ય રાષ્ટ્રીય કોચ નિયુક્ત**

  ભારતીય કુશ્તી મહાસંઘે કુલદીપ મલિકને ભારતીય કુશ્તી ટીમના મુખ્ય રાષ્ટ્રીય કોચ નિયુક્ત કર્યા. દ્રોણાચાર્ય પુરસ્કાર વિજેતા મલિક અત્યાર સુધી મહિલા ફ્રી સ્ટાઇલના મુખ્ય કોચ હતા. આ ઉપરાંત, પૂર્વ આંતરરાષ્ટ્રીય ખેલાડી કૃષ્ણા આર્યને મહિલા ટીમના કોચ નિયુક્ત કરવામાં આવ્યાં.

- **ભારત - દક્ષિણ કોરિયા વચ્ચે 7 સમજૂતીઓ પર હસ્તાક્ષર**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દક્ષિણ કોરિયા યાત્રા દરમ્યાન ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે 7 સમજૂતીઓ પર હસ્તાક્ષર થયા. આમાં ડિફેન્સ ટ્રીટી અને બન્ને દેશોની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદો વચ્ચે સહયોગ, ઓડીઓ-વિઝ્યુઅલ કો-પ્રોડકશનમાં સહયોગ, વીજળી વિકાસ તથા નવી ઊર્જા ઉદ્યોગ ક્ષેત્રે સહયોગ, રસ્તા પરિવહન તેમજ રાજમાર્ગ ક્ષેત્રે સહયોગ, દરિયાઈ પરિવહન તેમજ લોજીસ્ટીકસ ક્ષેત્રે સહયોગ સામેલ છે.

- **ચીનમાં આઈસીઆઈસીઆઈ બેંકની પ્રથમ શાખાનું ઉદઘાટન કરવામાં આવ્યું**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનના મુખ્ય નાણાકીય કેન્દ્ર શંઘાઈમાં આઈસીઆઈસીઆઈ બેંકની

www.crackgpsc.com

પ્રથમ શાખાનું ઉદઘાટન કર્યું. વર્તમાનમાં આઈસીઆઈસીઆઈ બેંક ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેંક છે અને વિશ્વના 17 દેશોમાં પોતાની શાખાઓનું સંચાલન કરી રહી છે.

- **બાર્સેલોનાએ 23મી વખત સ્પેનિશ ફૂટબોલ લીગ 'લા લીગા'નો ખિતાબ જીત્યો**

  બાર્સેલોનાએ એટલેટીકો મેડ્રિડને હરાવીને 23મી વખત સ્પેનિશ ફૂટબોલ ચેમ્પિયનશીપ લા-લીગાનો ખિતાબ જીતી લીધો. 'લા-લીગા' એક સ્પેનિશ ફૂટબોલ લીગ છે. જેની શરૂઆત વર્ષ 1929માં થઇ હતી. આ ખિતાબ સૌથી વધુ વાર રિયલ મેડ્રિડે (33 વખત) જીત્યો છે.

- **હરકીરતસિંહ સૈની અમેરિકાના પોલીસ એવોર્ડથી સમ્માનિત**

  ભારતીય-અમેરિકન પોલીસકર્મી હરકીરતસિંહ સૈનીને અમેરિકાના પોલીસ એવોર્ડ 'ટોપ સિવિલિયન સુપરવાઈઝર ઓફ ધી યર'થી સમ્માનિત કરાયા. તેમને આ પુરસ્કાર સંયુક્ત રાજ્ય અમેરિકાના ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન પોલીસ વિભાગમાં ઉત્કૃષ્ટ સેવા આપવા બદલ એનાયત કરવામાં આવ્યો.

- **રિલાયન્સ જીયોના 4જી ઉપકરણો માટે હુઆવીની સાથે કરાર**

  રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની દૂરસંચાર કંપની રિલાયન્સ જીયો ઇન્ફોકોમે 4જી ઉપકરણોની આપૂર્તિ માટે ચીની કંપની હુઆવી સાથે સમજૂતી કરી. સમજૂતી અનુસાર હુઆવી રિલાયન્સ જીયોને સ્માર્ટફોન, ટેબલેટ અને વાઈ-ફાઈ ડોન્ગલની આપૂર્તિ કરશે.

- **42 વર્ષ સુધી કોમામાં રહેલ નર્સ અરુણા શાનબાગનું મૃત્યુ**

  42 વર્ષ સુધી કોમામાં રહેલ નર્સ અરુણા શાનબાગનું મૃત્યુ થયું. મુંબઈની કિંગ એડવર્ડ મેમોરીઅલ (કેઈએમ) હોસ્પિટલમાં કાર્યરત નર્સ અરુણા શાનબાગની સાથે એમના પુરુષ સહકાર્યકરે 1973માં યૌન હિંસા તેમજ બળાત્કાર કર્યો હતો. ત્યારથી તેઓ કેઈએમ હોસ્પિટલમાં કોમામાં હતા. લેખિકા પિંકી વિરાણીએ અરુણાની આ આપવીતી પર પુસ્તક લખ્યું. અરુણાની તકલીફોને લઈને પિંકી વિરાણીએ તેમના માટે સુપ્રીમ કોર્ટમાં ઈચ્છા મૃત્યુની માગણી કરી હતી, પરંતુ કોર્ટે તેનો અસ્વીકાર કરી દીધો હતો.

- **30 નવાં કોલ્ડ સ્ટોરેજ ખોલવા માટે મંજુરી પ્રદાન**

  ફૂડ પ્રોસેસિંગ વિભાગે દેશમાં 30 નવાં કોલ્ડ સ્ટોરેજ ખોલવા માટેની મંજુરી આપી. સરકાર દ્વારા અત્યાર સુધી દેશમાં કુલ 138 નવાં કોલ્ડ સ્ટોરેજ શરુ કરવા માટેની મંજુરી આપવામાં આવી ચુકી છે. જેમાં 44 એ કાર્ય કરવાનું આરંભ કરી દીધું છે.

- **ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ બન્યું યુવા બાબત અને ખેલ મંત્રાલયનું વીમા ભાગીદાર**

www.crackgpsc.com

યુવા બાબતે અને ખેલ મંત્રાલયે ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિ.ને તેની ટારગેટ ઓલિમ્પિક પોડિયમ (ટીઓપી) યોજના હેઠળ પોતાનું વીમા ભાગીદાર નોમીનેટ કર્યું. વીમા ભાગીદાર નોમીનેટ કરવાનું આ પગલુ ખેલ વિભાગે પ્રથમ વખત ભર્યું છે.

- **આહલુવાલિયા ભૂમિ અધિગ્રહણ સુધારા બિલ પર રચાયેલ JPC ના અધ્યક્ષ**

  ભારતીય જનતા પાર્ટીના સાંસદ સુરેન્દ્રજીતસિંહ આહલુવાલિયાને ભૂમિ અધિગ્રહણ સુધારા બિલ-2015 પર રચાયેલ સંયુક્ત સંસદીય સમિતિ (Joint Parliamentary Committee) ના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા. આ સંયુક્ત સમિતિમાં 30 સભ્યો હશે જેમાંથી 20 સભ્યો લોકસભા અને 10 સભ્યો રાજ્યસભામાંથી હશે. સરકારે આ પગલું આ ભૂમિ બિલ પર વિપક્ષીય દળોના સતત પ્રતિકારના કારણે ઉઠાવાયું છે.

- **ઇન્ફોસિસે 2018 સુધી કાર્બન ન્યુટ્રલ બનવાની ઘોષણા કરી**

  ભારતની આઈટી કંપની ઇન્ફોસિસે 2018 સુધી કાર્બન ન્યુટ્રલ બનવાની ઘોષણા કરી. આ કામ માટે 400 કરોડ રૂપિયા ખર્ચ અંદાજીત છે. ઇન્ફોસિસ પહેલાં જ ભારતમાં પોતાના તમામ પરિસરોની છત પર 2.7 મેગાવોટ ક્ષમતાવાળી સૌર પેનલોનો પ્રયોગ કરી રહી છે.

- **ટ્વીટર અને ઈન્ટરનેટ સર્ચ એન્જીન ગુગલે ભાગીદારીની ઘોષણા કરી**

  સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વીટર અને ઈન્ટરનેટ સર્ચ એન્જીન ગુગલે ભાગીદારીની ઘોષણા કરી. તે મુજબ ગુગલ અને ટ્વીટરે સર્ચ રિઝલ્ટ્સમાં ટ્વીટ્સ બતાવવા માટે ભાગીદારી કરી. આ પહેલાં બંને કંપનીઓ વચ્ચે આ બાબતની ભાગીદારી હતી, જે વર્ષ 2011માં સમાપ્ત થઇ ગઈ હતી.

- **દ્રોપદી મુર્મૂ બન્યાં દેશનાં પ્રથમ આદિવાસી મહિલા રાજ્યપાલ**

  ઓરિસ્સાનાં આદિવાસી પોલિટીશિયન દ્રોપદી મુર્મૂએ ઝારખંડનાં નવમાં રાજ્યપાલ તરીકે શપથ લીધા. તે દેશનાં પ્રથમ આદિવાસી મહિલા રાજ્યપાલ છે. તેમણે ડૉ.સૈયદ અહમદનું સ્થાન લીધું જેમની મણિપુરના રાજ્યપાલ તરીકે બદલી કરવામાં આવી.

- **ભારતીય વાયુ સેનાનું વિમાન 'સુખોઈ-30' દુર્ઘટનાગ્રસ્ત**

  ભારતીય વાયુ સેનાનું 'સુખોઈ-30' (SU-30 એમકેઆઈ યુદ્ધ વિમાન) અસમના લાઓખોવામાં દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું. આ બહુહેતુક યુદ્ધ વિમાન રશિયાના સૈન્ય વિમાન નિર્માતા 'સુખોઈ' તથા ભારતના 'હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ'ના સહયોગથી બનેલ છે.

- **ટેનિસ ખેલાડી યુકી ભાંબરી ભારતના નંબર વન ખેલાડી બન્યા**

  વિશ્વ ટેનિસ સંગઠન (WTA) દ્વારા પ્રસ્તુત રેન્કિંગ મુજબ ભારતીય ટેનિસ ખેલાડી યુકી ભાંબરી

ભારતના નંબર વન પુરુષ સિંગલ્સ ખેલાડી બન્યા. WTA રેન્કિંગમાં સાનિયા મિર્ઝા અને સ્વિટ્ઝર્લેન્ડની તેની જોડીદાર માર્ટિના હિંગિસ દુનિયાની નંબર વન મહિલા ડબલ્સ જોડી છે. વ્યક્તિગત રેન્કિંગમાં સાનિયા ટોચ પર છે જયારે હિંગિસ બીજા સ્થાને છે.

- **ઇંગ્લેન્ડ ટેસ્ટ ટીમના વાઈસ કેપ્ટન જો રુટ ઇંગ્લેન્ડના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર ઘોષિત**

  ઇંગ્લેન્ડ ટેસ્ટ ટીમના વાઈસ કેપ્ટન જો રુટને બ્રિટીશ સ્પોર્ટ્સ પત્રકારો દ્વારા વર્ષ 2014-15 માટે ઇંગ્લેન્ડના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર પસંદ કરવામાં આવ્યા. ચાર્લોટ એડ્વર્ડ્સને સતત બીજા વર્ષે સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર તરીકે પસંદ કરવામાં આવ્યાં.

- **સબમરીન નાશક વોરશિપ INS કવારતીનું જલાવતરણ**

  ઇન્ડિયન નેવીએ સબમરીન નાશક વોરશિપ INS કવારતીને પોતાના કાફલામાં સામેલ કર્યું. તેનું વજન 3,300 ટન છે તથા તેની લંબાઈ 109.1 મીટર છે. આ જહાજ 25 નોટ્સથી વધુ ગતિ હાંસલ કરી શકે છે તથા તેની ક્ષમતા 3,400 નોટિકલ માઈલથી વધુ છે.

- **લૈસ્કાલો કરાસ્જનાહોરકાઈ મેન બુકર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર 2015થી સન્માનિત**

  હંગેરીના લેખક લૈસ્કાલો કરાસ્જનાહોરકાઈ વર્ષ 2015ના મેન બુકર આંતરરાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત. કરાસ્જનાહોરકાઈને તેમની પ્રમુખ કૃતિ 'ધ મેલન્કલી ઓફ રેઝિસ્ટન્સ', 'સિયોબો દેયર બિલો', અને 'સતનતૈંગો' માટે આ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા. આ પુરસ્કાર સતત સર્જન, વિકાસ અને વૈશ્વિક સ્તરે ઇંગ્લિશ ફિકશનમાં નોંધપાત્ર ફાળા માટે કોઈ લેખકને આપવામાં આવે છે.

✓ **મેન બુકર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર**

મેન બુકર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર દર વર્ષે કોઈ એક વર્ણનાત્મક સાહિત્ય માટે આપવામાં આવતા મેન બુકર પુરસ્કારથી અલગ છે. મેન બુકર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર સાહિત્યિક ઉત્કૃષ્ટતા માટે કોઈ લેખકને આપવામાં આવે છે. મેન બુકર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર બે વર્ષે આપવામાં આવતો પુરસ્કાર છે. તેની શરૂઆત 2005માં થઇ હતી. અંગ્રેજી કે અંગ્રેજી અનુવાદમાં વ્યાપક રીતે ઉપલબ્ધ કોઈ કૃતિના સર્જકને આ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવે છે. આ પુરસ્કાર દર બીજા વર્ષે કોઈ એવા એક લેખકને આપવામાં આવે છે કે જેનું પ્રકાશિત ફિક્શન મૂળ રૂપે અંગ્રેજી ભાષામાં હોય અથવા તેના કામનું અંગ્રેજીમાં રૂપાંતર કરવામાં આવ્યું હોય. આ પુરસ્કાર હેઠળ 60 હજાર પાઉન્ડની રકમ આપવામાં આવે છે. આ પુરસ્કાર એવા વ્યક્તિને આપવામાં આવે છે કે જેણે વૈશ્વિક સ્તરે નવલકથા ક્ષેત્રે સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય.

www.crackgpsc.com

- **2015-16માં ભારતનો આર્થિક વિકાસ દર ચીનથી વધુ રહેવાનો અંદાજ**

  સયુંકત રાષ્ટ્રો દ્વારા પ્રસ્તુત રિપોર્ટ મુજબ વર્તમાન નાણાકીય વર્ષ 2015-16માં ભારતનો આર્થિક વિકાસ દર (GDP) ચીનથી આગળ નીકળી જશે. ભારતનો GDP આ વર્ષે 7.6% તથા 2016માં 7.7 રહેવાનો અંદાજ છે. ચીનમાં 2015નો આર્થિક વિકાસ દર 7% જ્યારે વર્ષ 2016માં 6.8% થશે.

- **પિયાજિયો પ્રાઇવેટ લિ.ની સ્નેપડીલ સાથે સમજુતી**

  વાહન બનાવનાર કંપની પિયાજિયો પ્રાઇવેટ લિ.એ ઈ-કોમર્સ કંપની સ્નેપડીલ સાથે સમજુતી કરી જે મુજબ તે ભારતમાં વેસ્પા સ્કુટરનું ઓનલાઈન વેચાણ શરુ કરશે. વેસ્પા યુરોપમાં સૌથી વધુ વેચાતી ટુ-વ્હીલર સ્કુટર બ્રાન્ડ છે. આ સમજુતી બાદ પ્રથમ વાર ભારતીય બજારમાં કોઈ ટુ-વ્હીલર ઓનલાઈન ઉપલબ્ધ થશે.

- **અર્થશાસ્ત્રી મૃણાલ દત્તા ચૌધરીનું અવસાન**

  અર્થશાસ્ત્રી, નીતિ સલાહકાર અને શિક્ષણવિંદ મૃણાલ દત્તા ચૌધરીનું અવસાન થઇ ગયું. તેમણે દિલ્હી સ્કુલ ઓફ ઇકોનોમિકસના ડીરેક્ટર તરીકે પોતાની સેવા આપી. આ ઉપરાંત હાર્વર્ડ અને મિનેસોટા યુનિવર્સીટીમાં અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે પણ કામ કર્યું. તેઓ 'એમડીસી' નામથી લોકપ્રિય હતા. ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે કેટલીક યોજનાઓના નિર્માણમાં મૃણાલ દ્વારા લખવામાં આવેલ આર્ટીકલ્સની મદદ લીધી હતી. તેમણે કેટલીક સમિતિઓ અને કેન્દ્ર સરકારના સલાહકાર નિગમોમાં પોતાની સેવા આપેલ છે. 1991ની આર્થિક નીતિમાં પણ તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

- **ભારત-દક્ષિણ આફ્રિકા સંયુક્ત મંત્રીસ્તરીય પંચ (JMC)ની નવમી બેઠક સંપૂર્ણ**

  ભારત દક્ષિણ આફ્રિકા સંયુક્ત મંત્રીસ્તરીય પંચ (JMC)ની નવમી બેઠક દક્ષિણ-આફ્રિકાના ડરબનમાં પૂર્ણ થઇ. તેની સહ-અધ્યક્ષતા દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રી મૈતી નકોઆના મશાબને અને ભારતનાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ દ્વારા કરવામાં આવી.

BANK PO/Clerk
New Pattern
IBPS Exam in September 2015
■ 5 times PO passed faculty
■ 3 Month course ■ Free material
M K SIR
Shortcut Expert
87340 98 1 98

www.crackgpsc.com

- **ઈસરો દ્વારા ઓક્ટોબર 2015માં એસ્ટ્રોસેટનો શુભારંભ કરવાની ઘોષણા**

  ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશને જાહેર કર્યું કે ઓક્ટોબર 2015માં આંધ્રપ્રદેશના સતીશ ધવન સ્પેસ રીસર્ચ સેન્ટર શ્રીહરિકોટાથી પોલર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ સી-34 દ્વારા એસ્ટ્રોસેટનો શુભારંભ કરવામાં આવશે.

✓ **એસ્ટ્રોસેટનાં કાર્ય :**

  એસ્ટ્રોસેટ પહેલું ભારતીય અંતરિક્ષ વેધશાળા મિશન છે, જેનો ઉદ્દેશ્ય દુરના અવકાશી પિંડોનું અધ્યયન કરવાનો છે. આ મિશન એક જ સમયમાં અલ્ટ્રાવાયલેટ, ઓપ્ટિકલ, લો એન્ડ હાઈ એનર્જી એક્સ રે વેબ બેન્ડમાં નિરીક્ષણ કરવામાં સક્ષમ છે. સેટેલાઈટને પૃથ્વીની સમાન કક્ષામાં 650 કિમીએ છોડવામાં આવશે. એસ્ટ્રોસેટ પોતાની સાથે ચાર એક્સ રે પેલોડ, એક યુવી ટેલીસ્કોપ અને એક પાર્ટિકલ મોનીટર લઈને જશે.

- **SBIએ એમેઝોન સાથે સમજુતી કરી**

  ભારતની સૌથી મોટી સાર્વજનિક ક્ષેત્રની બેંક SBI એ ઈ-કોમર્સ સર્વિસ પ્રોવાઈડર એમેઝોન સાથે એમઓયુ કર્યા. આ સમજુતીના માધ્યમથી SBIનો હેતુ પોતાના ગ્રાહકોને ઈ-કોમર્સ વેબસાઈટ પર પેમેન્ટની સુવિધા આપવાનો છે. આ ઉપરાંત આ સમજુતી દ્વારા ભારતીય સ્ટેટ બેંકને એમેઝોનના એવા ગ્રાહકોને જોડાવાની અવસર મળશે જેઓ આ મંચનો નિયમિત ઉપયોગ કરે છે.

- **વરિષ્ઠ અભિનેત્રી સુધા શિવપુરીનું અવસાન**

  સુધા શિવપુરીએ પ્રસિદ્ધ સીરીયલ 'ક્યોંકિ સાસ ભી કભી બહુ થી'માં તુલસી (સ્મૃતિ ઈરાની)ની દાદી સાસુ 'બા'ની ભૂમિકા ભજવી હતી. સુધા શિવપુરીએ ટીવી સીરીયલ્સ સિવાય ઘણી હિન્દી ફિલ્મોમાં પણ કામ કરેલું છે. તેમણે અભિનેતા ઓમ શિવપુરી સાથે લગ્ન કર્યાં હતાં.

- **ઇન્ફોસિસ આરઈ-100 અક્ષય ઊર્જા અભિયાનમાં સામેલ થનાર પ્રથમ ભારતીય કંપની**

  ઇન્ફોસિસ આરઈ-100 અક્ષય ઊર્જા અભિયાનમાં સામેલ થનાર પ્રથમ ભારતીય કંપની બની. આરઈ-100 એવી કંપનીઓનું એક વૈશ્વિક મંચ છે જે 100% અક્ષય ઊર્જા માટે પ્રતિબદ્ધ છે. આ સાથે જ ઇન્ફોસિસ વિશ્વની એવી સિલેક્ટેડ કંપનીઓમાં સામેલ થઇ ગઈ જેમણે અક્ષય ઊર્જાને અપનાવવા માટે પ્રસંશનીય પગલાં ભર્યા છે. કંપનીએ પોતાનો વ્યક્તિદીઠ વીજ વપરાશ ઓછો કરીને 50% કરી દીધો છે તથા કંપનીનું લક્ષ્ય વર્ષ 2018 સુધી પોતાના ઉર્જા સ્ત્રોતોને 100% અક્ષય ઊર્જાના માધ્યમથી મેળવવાનો છે. આ અભિયાનમાં અત્યાર સુધી 17 કંપનીઓ જોડાઈ ચુકી છે.

✓ **આરઈ-100**

આરઈ-100 એક વૈશ્વિક અભિયાન છે જેની હેઠળ અલગ અલગ કંપનીઓને 100% અક્ષય ઊર્જા સ્ત્રોતોને અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેનો હેતુ એક નિશ્ચિત સમયગાળામાં વિશ્વની પ્રમુખ 100 કંપનીઓને 100% અક્ષય **ઊર્જા પર** નિર્ભર બનાવવાનો છે. આરઈ-100ની શરૂઆત 22 સપ્ટેમ્બર 2014ના રોજ ન્યુયોર્ક જળવાયુ સપ્તાહ દરમ્યાન કરવામાં આવી હતી.

- **એવરેસ્ટ પર ભારતના પ્રથમ આરોહણના સ્વર્ણજયંતી સમારંભનું ઉદઘાટન**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ 20 મે 2015ના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં 'ભારતીય પર્વતારોહણ ફાઉન્ડેશન' દ્વારા આયોજિત માઉન્ટ એવરેસ્ટ પર ભારતના ઐતિહાસિક આરોહણના સ્વર્ણ જયંતી સમારોહનું ઉદઘાટન કર્યું. આજ દિવસે 1965માં ભારતે આ સિદ્ધિ મેળવી હતી. વર્ષ 1965માં લેફ્ટનન્ટ કર્નલ એમ એસ કોહલીના નેતૃત્વમાં 21 સદસ્યીય ભારતીય દળ માઉન્ટ એવરેસ્ટ પર પહોંચ્યું હતું.

- **મેઘાલયે PMJDY હેઠળ 100% નાણાકીય સમાવેશનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું**

  મેઘાલય રાજ્યે કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ 100% નાણાકીય સમાવેશનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. હાલમાં મેઘાલય રાજ્યના તમામ 11 જીલ્લાઓમાં દરેક પરિવાર પાસે ઓછામાં ઓછુ એક બેંક ખાતુ અવશ્ય ખુલ્યું છે.

- **પીટર એમ ક્રિશ્ચિયન ફેડરલ સ્ટેટ ઓફ માઈક્રોનેશિયાના 8મા રાષ્ટ્રપતિ**

  પીટર એમ ક્રિશ્ચિયન ફેડરલ સ્ટેટ ઓફ માઈક્રોનેશિયાના 8મા રાષ્ટ્રપતિ ચૂંટાયા. આ એક સ્વતંત્ર, સાર્વભૌમ દ્વિપક્ષીય રાષ્ટ્ર છે. આ કુલ 607 નાના નાના દ્વીપો ભેગા મળીને બનેલું છે જે પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં 2700 કિમી સુધી ફેલાયેલ છે.

- **હવાથી હવામાં પ્રહાર કરનારી મિસાઈલ 'અસ્ત્ર'નું સફળ પરીક્ષણ**

  ભારતે સ્વદેશ નિર્મિત હવામાંથી હવામાં પ્રહાર કરવામાં સક્ષમ અસ્ત્ર મિસાઈલનું યુદ્ધ વિમાન સુખોઈ-30થી ઓરિસ્સાના ચાંદીપુરના પરીક્ષણ રેન્જથી સફળ પરીક્ષણ કર્યું

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com
www.crackgpsc.com

✓ **અસ્ત્ર મિસાઈલ**

આ ભારતની પ્રથમ 'બિયોન્ડ વિઝ્યુઅલ રેંજ એર ટુ એર મિસાઈલ (BVRAAM)' છે.અદ્યતન ટેકનોલોજી પર આધારિત આ મિસાઈલને ડીઆરડીઓ દ્વારા વિકસિત કરવામાં આવેલ છે. આ મિસાઈલ સુપરસોનિક ગતિથી દુશ્મનના વિમાનને નષ્ટ કરી શકે છે. તે કોઈ પણ પ્રકારના હવામાન અને બધી જ પરિસ્થિતિઓમાં કામ કરવા સક્ષમ છે. 3.8 મીટર લાંબી અસ્ત્ર મિસાઈલ ડીઆરડીઓની સૌથી નાની મિસાઈલ છે. તેને વિભિન્ન ઊંચાઈઓથી પ્રક્ષેપિત કરી શકાય છે.

- **પ્રત્યક્ષ કર બાબતે ન્યાયાધીશ એ પી શાહની અધ્યક્ષતામાં એચએલસીની રચના**

નાણા મંત્રાલયે 20મા કાયદા પંચના અધ્યક્ષ ન્યાયાધીશ એ પી શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિ (એચએલસી)ની રચના કરી. આ સમિતિ વિદેશી સંસ્થાગત રોકાણકારો પર મિનિમમ અલ્ટરનેટીવ ટેક્સ (MAT) સંબંધી વિવાદના સમાધાનના ઉપાયો સુચવશે.

- **મૈત્રેયી પુષ્પા હિન્દી એકેડમીનાં ઉપાધ્યક્ષ નિયુક્ત**

દિલ્હી રાજ્ય સરકારે હિન્દીનાં લેખિકા મૈત્રેયી પુષ્પાને હિન્દી એકેડમીના ઉપાધ્યક્ષ નિયુક્ત કર્યાં. મુખ્યમંત્રી કેજરીવાલ આ એકેડમીના અધ્યક્ષ છે. હિન્દી એકેડમી, દિલ્હીની સ્થાપના વર્ષ 1981માં  તત્કાલીન દિલ્હી પ્રશાસને એક સ્વાયત્તશાસી સંસ્થા રૂપે કરી હતી.

- **અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ**

અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું, તેમનો આ રેકોર્ડ ટ્વીટર એકાઉન્ટ ખોલ્યાના પાંચ કલાકમાં એક મિલિયન ફોલોઅર્સ જોડાવાને કારણે બન્યો. બરાક ઓબામાએ સોશિયલ મીડિયા ટ્વીટર પર પ્રથમ વખત એટ પોટસ (@POTUS)ના નામથી એકાઉન્ટ ખોલ્યું.

- **સિદ્ધિવિનાયક મંદિરને ISO 9001-2008 પ્રમાણપત્ર પ્રદાન**

મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરને તેની સર્વશ્રેષ્ઠ ગુણવત્તા પરંપરાઓ માટે ISO 9001-2008 સ્ટાન્ડર્ડ પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવ્યું. આ મંદિર ISO પ્રમાણપત્ર મેળવનાર મુંબઈનું પ્રથમ મંદિર છે. સિદ્ધિવિનાયક મંદિરનું નિર્માણ વર્ષ 1801માં વિઠુ અને દેઉબાઈ પાટિલે કરાવ્યું હતું.

- **ભારતીય સ્ટેટ બેંકે પેપાલ સાથે સમજુતી કરી**

ભારતની સૌથી મોટી સાર્વજનિક બેંક SBIએ વિદેશોમાં નાણાની લેવડ દેવડ માટે ડીજીટલ ફંડ કંપની પેપાલ સાથે સમજુતી કરી. શરૂઆતમાં આ સમજૂતીનો હેતુ વિદેશોમાં નાણાની

www.crackgpsc.com

લેવડ દેવડ કરવાનો છે, જયારે પાછળથી ડોમેસ્ટિક પેમેન્ટને પણ તેમાં સામેલ કરવાની યોજના છે. આ ભારતીય સ્ટેટ બેંકની કોઈ ભારતીય સાહસ સાથે પ્રથમ સમજુતી છે. પેપાલની વિશ્વના 203 દેશોમાં હાજરી છે. આ કંપની દરરોજ 1.15 કરોડથી વધુ નાણાની લેવડ દેવડ કરે છે.

- **ભારતે નવા ચીની દુતાવાસના કાર્ય ક્ષેત્રથી તિબેટને અલગ કર્યું**

  ભારતે નવા ચીની દુતાવાસના કાર્ય ક્ષેત્રથી તિબેટને અલગ રાખવાની ઘોષણા કરી. તે મુજબ ચીનના 'ચેંગદૂ' શહેરમાં ભારતના નવુ દુતાવાસ ખૂલવાથી તિબેટ તેના કાર્યક્ષેત્રથી બહાર રહેશે. ભારતના આ નિર્ણયને ચીન સાથે દોસ્તી વધારવાના ક્રમમાં માનવામાં આવી રહ્યું છે.

- **ગર્ભમાં વિકસતા પુરુષ બાળક માટે પેરાસિટામોલ દવા હાનિકારક**

  યુનીવર્સીટી ઓફ એડીનબર્ગ (બ્રિટન)ના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે ગર્ભમાં વિકસતા પુરુષ બાળક માટે પેરાસિટામોલ દવા હાનિકારક છે. વૈજ્ઞાનિકો અનુસાર દર્દ ઓછુ કરનારી આ દવા જો સાત દિવસ સુધી ગર્ભવતી મહિલાને આપવામાં આવે તો તેનાથી ટેસ્ટોસ્ટેરોનના વિકાસ પર અસર થાય છે. તથા પેરાસિટામોલ દવાનું વધુ પડતું સેવન ગર્ભવતી મહિલાના ગર્ભમાં વિકસતા છોકરાના વિકાસને અસર કરી શકે છે. ટેસ્ટોસ્ટેરોન હોર્મોન પુરુષોના જનનાંગના વિકાસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે

- **ઓ. પનીરસેલ્વમનું તમિલનાડુના મુખ્યમંત્રી પદેથી રાજીનામું**

  એઆઈએડીએમકે (AIADMK)ના નેતા ઓ. પનીરસેલ્વમે તમિલનાડુના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું. ઓ. પનીરસેલ્વમના રાજીનામું આપ્યા બાદ જે. જયલલિતાને સર્વસંમતિથી અન્નામુદ્રક પાર્ટીના વિધાયક દળના નેતા ચૂંટવામાં આવ્યાં.

- **વૈજ્ઞાનિક પ્રકાશનના ક્ષેત્રે ભારત છઠ્ઠા સ્થાને.**

  વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અનુસાર વૈજ્ઞાનિક પ્રકાશન બાબતે ભારત છઠ્ઠા સ્થાને પહોંચી ગયું. આ પહેલાં ભારતનું સ્થાન દસમું હતું.

- **આંદામાન અને નિકોબાર પોલિસ વિભાગ દ્વારા 33% બેઠકો મહિલાઓ માટે અનામત**

  આંદામાન અને નિકોબાર પોલિસ વિભાગે ઇન્સ્પેકટર અને સબ ઇન્સ્પેકટરની પોસ્ટ માટે 33% બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો પ્રસ્તાવ રજુ કર્યો. હાલમાં આંદામાન અને નિકોબાર પોલિસ વિભાગમાં મહિલાઓની સંખ્યા માત્ર 18% છે.

www.crackgpsc.com

- **સંપૂર્ણ ભારતમાં 21 મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ ઉજવવામાં આવ્યો**

ભારત ભરમાં 21 મે 2015ના રોજ આતંકવાદ વિરોધી દિવસ ઉજવવામાં આવ્યો. આ જ દિવસે 1991ના રોજ વડાપ્રધાન રાજીવ ગાંધીની તમિલનાડુના શ્રીપેરુંબુદુરમાં લીટ્ટેના એક માનવ બોમ્બ દ્વારા હત્યા કરવામાં આવી હતી. ત્યારથી રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા માટે આજના દિવસને આતંકવાદ વિરોધી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

- **સાઈના નેહવાલ BWF વિશ્વ રેન્કિંગમાં પ્રથમ સ્થાને**

ભારતીય બેડમિન્ટન ખેલાડી સાયના નેહવાલ બીડબ્લ્યુએફ દ્વારા પ્રસ્તુત વિશ્વ રેન્કિંગમાં પ્રથમ સ્થાને પહોંચી ગઈ.

- **વિશ્વ ગ્રીન બિલ્ડીંગ ફૂટપ્રિન્ટમાં ભારત બીજા સ્થાને**

ભારતીય ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (IGBC) અનુસાર ભારતમાં 3 બિલિયન ચોરસ ફૂટથી વધુ ક્ષેત્રફળમાં ગ્રીન બિલ્ડીંગ પ્રોજેક્ટ્સની નોંધણી થઇ ચુકી છે. આ સિદ્ધિ સહિત વિશ્વ ગ્રીન બિલ્ડીંગ ફૂટપ્રિન્ટમાં ભારત બીજા સ્થાને પહોંચી ગયું. IGBCનું લક્ષ્ય વર્ષ 2022 સુધી 10 બિલિયન ચોરસફૂટ ક્ષેત્રફળમાં ગ્રીન બિલ્ડીંગ નિર્માણનું છે. IGBC ઔદ્યોગિક સંસ્થા કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII)નો એક ભાગ છે જે ભારતમાં ગ્રીન બિલ્ડીંગ અભિયાનને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કરે છે. ગ્રીન બિલ્ડીંગમાં પાણીનો ઓછો ઉપયોગ, ઊર્જા ક્ષમતાનો યોગ્ય ઉપયોગ, પ્રાકૃતિક સંસાધનોની સુરક્ષા, ઓછો કચરો અને રહેનારાઓને એક પારંપરિક બિલ્ડીંગની સરખામણીએ અધિક સ્વાસ્થ્ય વર્ધક વાતાવરણ મળે છે.

- **એનએમડીસી વર્ષ 2015ના પ્લેટ્સ ગ્લોબલ મેટલ એવોર્ડથી સન્માનિત**

સાર્વજનિક ક્ષેત્રના નવરત્ન સાહસ રાષ્ટ્રીય ખનિજ વિકાસ નિગમને વર્ષ 2015ના પ્લેટ્સ ગ્લોબલ મેટલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું. આ ભારતનું પ્રથમ aએવું સાહસ છે જેને કાચા માલ અને ખાણ ક્ષેત્રે ઉચ્ચ નેતૃત્વ માટે આ સન્માન આપવામાં આવ્યું.

- **સીરિયાના ઐતિહાસિક શહેર પલ્માઈરા પર આઈએસનો કબજો**

ઇસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયાના ઉગ્રવાદીઓએ સીરિયાના ઐતિહાસિક શહેર પલ્માઈરા પર સંપૂર્ણ રીતે કબજો કરી લીધો. યુનેસ્કો અનુસાર પલ્માઈરા બે હજાર વર્ષ જુનું શહેર છે. તેને 1980માં વિશ્વ વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો હતો. વિશ્વ પ્રસિદ્ધ 'ટેમ્પલ ઓફ બેલ' આ જ શહેરમાં સ્થિત છે.

Most IMP Daily Current Affairs
Must Visit www.crackgpsc.com



www.crackgpsc.com

- **જી. મોહનકુમાર નવા સંરક્ષણ સચિવ નિયુક્ત**

  જી. મોહન કુમારને ભારતના સંરક્ષણ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. સંરક્ષણ સચિવ નિયુક્ત થયા પહેલાં તેઓ સંરક્ષણ ઉત્પાદન વિભાગના સચિવ હતા. તેઓ 28 મે 2015ના રોજ સેવાનિવૃત્ત થનાર રાધા કૃષ્ણા માથુરનું સ્થાન લેશે.

- **22 મે 2015ના રોજ આંતરરાષ્ટ્રીય જૈવ-વિવિધતા દિવસ ઉજવવામાં આવ્યો**

  22 મે 2015ના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ-વિવિધતા દિવસ' ઉજવવામાં આવ્યો. તેને 'વિશ્વ જૈવ-વિવિધતા સંરક્ષણ દિવસ' પણ કહેવાય છે. વર્ષ 2015ના આંતરરાષ્ટ્રીય જૈવ-વિવિધતા દિવસનો વિષય 'નિરંતર વિકાસ માટે જૈવ-વિવિધતા' (Biodiversity for Sustainable Development) રાખવામાં આવ્યો. આ દિવસનો હેતુ ઇકોસીસ્ટમ્સના સંરક્ષણ અને સંવર્ધન પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે પ્રાકૃતિક અને પર્યાવરણ સમતુલા જાળવી રાખવામાં જૈવ-વિવિધતાના મહત્વને ધ્યાનમાં રાખતા જૈવ-વિવિધતા દિવસને આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો.

- **જયલલિતાએ તમિલનાડુનાં મુખ્યમંત્રી પદના શપથ લીધા**

  ઓલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કડગમ (એઆઈએડીએમકે)નાં મહાસચિવ જે. જયલલિતાએ 5મા કાર્યકાળ માટે તમિલનાડુનાં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તમિલનાડુના રાજ્યપાલ કે.રોસૈયાએ તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા.

## ➢ 4th week

- **લોકતંત્ર પર્યાવરણ સૂચકાંકમાં ભારત 24મા સ્થાને**

  વોશિંગ્ટન સ્થિત વર્લ્ડ રિસોર્સ ઇન્સ્ટીટયુટ અને એક્સેસ ઈનીશીએટીવે વિશ્વનો પ્રથમ લોકતંત્ર પર્યાવરણ સૂચકાંક બહાર પાડ્યો. લોકતંત્ર પર્યાવરણ સૂચકાંકમાં કુલ 70 દેશોને સામેલ કરવામાં આવ્યા હતા જેમાં ભારતનું સ્થાન 24મું છે. સૂચકાંકમાં બાલ્ટિક સાગરના કિનારે સ્થિત લિથુઆનિયાએ પ્રથમ સ્થાન મેળવ્યું. લોકતંત્ર પર્યાવરણ સૂચકાંક પર્યાવરણ સંબંધી નિર્ણય લેવા અને તેમાં લોકોની ભાગીદારી વધારવા માટે કોઈ દેશમાં બનાવેલ કાયદાઓનું એસ્ટીમેશન કરનાર એક સૂચકાંક છે.

- **પરવિંદરસિંહ બટ્ટ વોકિંઘમ શહેરમાં મેયર નિયુક્ત**

  ભારતીય મૂળના પરવિંદર સિંહ બટ્ટે બ્રિટન સ્થિત વોકિંઘમ શહેરના મેયરનું પદ મેળવ્યું. તેઓ આ પદ મેળવનાર શીખ મૂળના પ્રથમ વ્યક્તિ છે. પરવિંદર મૂળ રૂપે પંજાબના રહેવાસી છે.

www.crackgpsc.com

- **આયર્લેન્ડ સમલૈંગિક લગ્નને બંધારણીય રીતે કાયદેસર કરનાર પ્રથમ દેશ**

  આયર્લેન્ડ ગણરાજ્ય બંધારણીય રીતે સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો. આ સુધારા માટે દેશમાં મતદાન યોજવામાં આવ્યું હતું. મતદાનમાં 62.1% લોકોએ બંધારણમાં સુધારાના પક્ષમાં મતદાન કર્યું. આયર્લેન્ડમાં લેખિત બંધારણ છે જેમાં સુધારા માત્ર લોકમતના આધારે જ થઇ શકે છે.

- **બે ભારતીય શાંતિ સૈનિક ડેગ હેમ્મરસ્કજોલ્ડ ચંદ્રક માટે પસંદગી પામ્યા**

  બે ભારતીય શાંતિ સૈનિક લાંસ નાયક નંદ રામ અને રાજુ યુસુફને મરણોત્તર સંયુક્ત રાષ્ટ્રોના પ્રતિષ્ઠિત ડેગ હેમ્મરસ્કજોલ્ડ ચંદ્રકથી સન્માનિત કરવા માટે પસંદ કરવામાં આવ્યા. લાંસ નાયક નંદ રામને કાંગો ગણરાજ્યમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘના સ્થિરતા મિશનમાં ભાગ લીધો હતો. જયારે રાજુ યુસુફે સંયુક્ત રાષ્ટ્ર સંઘના સુડાન કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

- **મનદીપ સંધુએ વિશ્વ જુનિઅર મુક્કેબાજી ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો**

  ભારતના મનદીપ સંધુએ એઆઈબીએ વિશ્વ જુનિઅર મુક્કેબાજી ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક (52 કિગ્રા) જીત્યો.

- **ભારતીય મુક્કેબાજોને વિશ્વ જુનિઅર મહિલા મુક્કેબાજી ચેમ્પિયનશિપમાં ત્રણ સુવર્ણ ચંદ્રક**

  ભારતીય જુનિઅર મહિલા મુક્કેબાજોએ વિશ્વ જુનિઅર મહિલા મુક્કેબાજી ચેમ્પિયનશિપમાં ત્રણ સુવર્ણ ચંદ્રક અને બે રજત ચંદ્રક સહિત કુલ પાંચ ચંદ્રક મેળવ્યા. સવિતા (50 કિગ્રા), મનદીપ સંધુ (52 કિગ્રા) અને સાક્ષી (54 કિગ્રા)એ સુવર્ણ ચંદ્રક જીત્યા.

- **ભારતનાં દીપાકુમારીને આંતરરાષ્ટ્રીય આઉટડોર એમ્પાયરનો દરજ્જો અપાયો**

  આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘ (IHF) એમ્પાયરીંગ સમિતિએ ભારતનાં દીપાકુમારીને આંતરરાષ્ટ્રીય આઉટડોર એમ્પાયરનો દરજ્જો આપ્યો. દીપા કુમારીએ વર્ષ 2010માં એમ્પાયરીંગ કરીઅરની શરૂઆત કરી હતી અને ભારતમાં ઘણી સ્થાનિક ટુર્નામેન્ટમાં એમ્પાયર રહી ચૂક્યાં છે.

- **મુંબઈ ઇન્ડિયન્સ ટીમે આઈપીએલ-8નો ખિતાબ જીત્યો**

  મુંબઈ ઇન્ડિયન્સે ચેન્નઈ સુપર કિંગ્સને હરાવીને ઇન્ડિયન પ્રિમીઅર લીગ-8 નો ખિતાબ જીત્યો. બ્રાવોએ સુપર કિંગ્સ માટે સર્વાધિક બે વિકેટ લીધી અને કુલ 26 વિકેટ સાથે તેઓ આઈપીએલમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યા. રોહિત શર્માને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. આ સાથે જ મુંબઈ બીજી વખત આઈપીએલ ખિતાબ જીત્યું. આ પહેલા 2013માં પણ મુંબઈએ ચેન્નઈને જ ફાઈનલમાં હરાવ્યું હતું. આ જીત સાથે જ મુંબઈ ઇન્ડિયન્સ, ચેન્નઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ બાદ બે વખત ચેમ્પિયન બનનાર ત્રીજી ટીમ

www.crackgpsc.com

બની ગઈ. મુંબઈ ઇન્ડિયન્સે ફાઈનલમાં 202 રન બનાવ્યા. આ આઈપીએલનો બીજો સૌથી મોટો રેકોર્ડ છે. આથી વધુ રન ચેન્નઈ સુપર કિંગ્સે 2011ની ફાઈનલમાં બેંગલુરુ વિરુદ્ધ 205 રન બનાવ્યા હતા. આઈપીએલ ફાઈનલની હાર ચેન્નઈના કેપ્ટન એમ.એસ.ધોનીની કેપ્ટન તરીકેની 50મી હાર હતી. તેઓ ટુર્નામેન્ટના ઈતિહાસમાં એક માત્ર એવા ખેલાડી છે, જેમણે કેપ્ટન તરીકે 50થી વધુ મેચ જીતી છે અને 50 મેચ હાર્યા છે.

- **રોઝબર્ગે મોનાકો ગ્રા. પ્રી. ફોર્મ્યુલા વન રેસ જીતી**

  મર્સિડીઝના જર્મન ડ્રાઈવર નીકો રોઝબર્ગે મોનાકો ગ્રા. પ્રી. ફોર્મ્યુલા વન રેસમાં જીત મેળવી. ગ્રા. પ્રી. રેસમાં તેમણે સતત ત્રીજા વર્ષે જીત મેળવી.

- **નોબલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી 'જોન નેશ'નું અવસાન**

  નોબલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી અને ગણિતજ્ઞ 'જોન નેશ'નું ન્યુજર્સીમાં એક સડક દુર્ઘટનામાં મૃત્યુ. નેશને 'ગેમ થિઅરી' પર કરવામાં આવેલ શોધ માટે વર્ષ 1994માં અર્થશાસ્ત્રનો નોબલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેઓ સિઝોફ્રેનિઆથી પીડિત હતા. તેમના જીવન પર વર્ષ 2001માં ઓસ્કાર વિજેતા હોલીવુડ ફિલ્મ 'અ બ્યુટીફુલ માઈન્ડ' બની હતી. આ ફિલ્મમાં અભિનેતા રસેલ ક્રોએ માનસિક બીમારી સામે લડતા ગણિતજ્ઞની ભૂમિકા ભજવી હતી.

- **જયલલિતા દ્વારા 1800 કરોડ રૂપિયાની કલ્યાણકારી યોજનાઓની ઘોષણા**

  પાંચમી વખત તમિલનાડુના મુખ્યમંત્રી પદના શપથ લીધા બાદ જયલલિતાએ 1800 કરોડ રૂપિયાની કલ્યાણકારી યોજનાઓની ઘોષણા કરી. આ કલ્યાણકારી યોજનાઓમાં સડકોમાં સુધારા અને પીવાના પાણીની સુવિધા તથા મહિલા વડા વાળા જરૂરીયાતમંદ પરિવારોને મદદ વગેરે સામેલ છે.

- **રંજીતસિંહ બક્ષી બ્યુરો ઓફ ઇન્ટરનેશનલ રિસાઇક્લિન્ગના અધ્યક્ષ બન્યા**

  ભારતીય મૂળના બ્રિટીશ ઉદ્યમી રંજીત સિંહ બક્ષીને વૈશ્વિક સંગઠન 'બ્યુરો ઓફ ઇન્ટરનેશનલ રિસાઇક્લિન્ગ' (BIR)ના પ્રમુખ બનાવવામાં આવ્યા.

- **સી. એસ. સંતોષ મોટર સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર પુરસ્કારથી સન્માનિત**

  બાઈકર સી. એસ. સંતોષને ફેડરેશન ઓફ મોટર સ્પોર્ટ્સ ક્લબ ઓફ ઇન્ડિયા (એફએમએસસીઆઈ) ના 'મોટર સપોર્ટ મેન ઓફ ધ યર' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તેઓ ભારતના એક માત્ર એવા બાઈકર છે જેમણે ડકાર રેલીમાં ભાગ લીધો અને તેને સફળતાપુર્વક પૂર્ણ પણ કરી. ડૉ. વિજય માલ્યાને ભારતમાં મોટર સ્પોર્ટ્સમાં તેમના ફાળા માટે 'લાઈફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા.

- **વૈજ્ઞાનિકોએ દુનિયાનો પ્રથમ પરમાણુ પંપ બનાવવામાં સફળતા મેળવી**

  અમેરિકન વૈજ્ઞાનિકોએ દુનિયાનો પ્રથમ પરમાણુ પંપ બનાવવામાં સફળતા મળવાની ઘોષણા કરી. આ પંપ જરૂરી પ્રોટીનને કોશિકાઓ સુધી પહોચાડવાનું કામ કરે છે. આ પંપનો ઉપયોગ કૃત્રિમ માંસપેશીઓમાં શક્તિ આપવા માટે કરવામાં આવશે. આ પરમાણુ પંપ જીવન ટકાવી રાખવા માટે જરૂરી પ્રોટીનને પંપ કરનારી પ્રાકૃતિક સિસ્ટમની નકલ છે.

- **પ્રદીપ બૈજલે પોતાના પુસ્તકમાં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પર આરોપ મુક્યો**

  ટ્રાઈ (ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઇન્ડિયા)ના ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રદીપ બૈજલે પોતાના પુસ્તક 'ધ કમ્પ્લીટ સ્ટોરી ઓફ ઇન્ડિયન રિફોર્મ્સ : 2જી પાવર એન્ડ પ્રાઇવેટ એન્ટરપ્રાઈઝ: એ પ્રેકટીશનર ડાયરી'માં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ પર 2જી કૌભાંડમાં આરોપી હોવાનો આરોપ મુક્યો. 2જી સ્પેક્ટ્રમ કૌભાંડમાં કંપનીઓને હરાજીને બદલે પહેલાં આવો અને પહેલાં મેળવોની નીતિ પર લાયસન્સ આપવામાં આવ્યાં હતાં. તેમાં ભારતના કંટ્રોલર એન્ડ ઓડીટર જનરલ અનુસાર સરકારી તિજોરીને એક લાખ 76 હજાર રૂપિયાનું નુકસાન થયું હતું.

- **ફ્રેન્ચ ફિલ્મ ધીપન કાન ફિલ્મ સમારોહમાં પાલ્મે ડી'ઓર પુરસ્કારથી સન્માનિત**

  ફ્રેન્ચ ફિલ્મ 'ધીપન' 68મા કાન ફિલ્મ સમારોહમાં પાલ્મે ડી'ઓર પુરસ્કારથી સન્માનિત. આ ફિલ્મ જેક્સ ઓડીઓર્ડ દ્વારા નિર્દેશિત છે. 'ધીપન' ફિલ્મ ત્રણ તમિલ શરણાર્થીઓ વિષે છે જે પોતાના યુદ્ધગ્રસ્ત દેશથી ફ્રાન્સમાં પલાયન થવા માટે પરિવારનો ઢોંગ કરે છે.

  **અન્ય પુરસ્કાર:**

  - ધ ગ્રાન્ડ પ્રિક્સ : લેજલો નેમેસ દ્વારા નિર્દેશિત ફિલ્મ 'સન ઓફ સોલ'
  - સર્વશ્રેષ્ઠ નિર્દેશક: 'ધ એશિયન'ના નિર્દેશક હોઉ હસાઓ-હસેં
  - સર્વશ્રેષ્ઠ અભિનેત્રી : એમ્માન્યુઅલ બેરકોટ અને રૂની મારા
  - સર્વશ્રેષ્ઠ અભિનેતા : 'ધ મેજર ઓફ મેન' માટે વિન્સેન્ટ લિંડન

- **ICICI બેંકે ગ્રાહકો માટે 'અવાજ પાસવર્ડ' સુવિધા લોન્ચ કરી**

  દેશમાં ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક ICICI બેંકે ગ્રાહકો માટે 'અવાજ પાસવર્ડ' સુવિધા લોન્ચ કરી જેના દ્વારા ગ્રાહક પોતાના અવાજનો ઉપયોગ પાસવર્ડ તરીકે કરી શકે છે. આ સેવા ગ્રાહકોને ત્વરિત, સુરક્ષિત અને સુવિધાજનક રીતે બેંકના કોલ સેન્ટરના માધ્યમથી બેંકિંગ લેવડદેવડની સુવિધા પૂરી પાડશે. આ સાથે ICICI આ સેવા શરુ કરનાર ભારતની પ્રથમ બેંક બની.

- **સીએટ ક્રિકેટર પુરસ્કાર 2014-15**

  - 'સીએટ ઇન્ટરનેશનલ ક્રિકેટર ઓફ ધ યર' – કુમાર સંગાકારા

www.crackgpsc.com

- ❖ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ – કપિલ દેવ
- ❖ 'T20 પ્લેયર ઓફ ધ યર' – ડ્વેન બ્રાવો
- ❖ યંગ ક્રિકેટર ઓફ ધ યર – દીપક હુડા
- ❖ વર્ષના સર્વશ્રેષ્ઠ બેટ્સમેન – હાશિમ અમલા
- ❖ વર્ષના સર્વશ્રેષ્ઠ બોલર – રંગના હેરાથ
- ❖ સીએટ ઇન્ડિયન પ્લેયર ઓફ ધ યર – અજિંક્ય રહાણે

- **ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ તથા ફ્યુચર ગ્રુપ વચ્ચે સમજુતી કરાર**

  ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ તથા ફ્યુચર કન્ઝ્યુમર એન્ટરપ્રાઈઝ વચ્ચે પ્રોડક્ટ્સના વેચાણ માટે સમજુતી થઇ. તે અનુસાર આદિત્ય બિરલા ગ્રુપની કંપની ગ્રાસિમ ઇન્ડ. પોતાના કન્ઝ્યુમર ટ્રેડ સંબંધિત પ્રોડક્ટ્સ ફ્યુચર ગ્રુપને વેચશે.

- **ઇઝરાયેલમાં 2000 વર્ષ જૂની જળ પુરવઠા સિસ્ટમની શોધ**

  ઇઝરાયેલના જેરુસલેમ શહેરમાં ખોદકામ દરમ્યાન 2000 વર્ષ જુની જળ પુરવઠા વ્યવસ્થાની શોધ થઇ. તેની લંબાઈ અંદાજે 21 કિમી છે. લાંબા અંતર સુધી ફેલાયેલ હોવા છતાં તેનું વહેણ એકદમ ધીમું છે.

- **GPS યુક્ત જમીન સંવર્ધિત નેવિગેશન પ્રણાલી સંપૂર્ણ રીતે ચાલુ**

  ઈસરોએ જીપીએસ (ગ્લોબલ પોઝીશનીંગ સિસ્ટમ) યુક્ત જમીન સંવર્ધિત નેવિગેશન પ્રણાલીના (GPS Aided Geo Augmented Navigation, GAGAN) પૂર્ણ સંચાલનની ઘોષણા કરી. આ સાથે જ ભારત અમેરિકા, યુરોપ અને જાપાન પછી અંતર-પ્રચલિત ઉપગ્રહ આધારિત વિસ્તાર પ્રણાલી (એસબીએએસ) વાળું ચોથું રાષ્ટ્ર બની ગયું. સાથે જ ગગન ભૂમધ્ય ક્ષેત્રમાં એસબીએએસ સિસ્ટમની સેવા આપનાર વિશ્વની પ્રથમ પ્રણાલી પણ બની ગઈ.

- **દિલ્હી સરકારે પબ્લિક ટ્રાન્સપોર્ટમાં જીપીએસ ફરજીયાત કર્યું**

  દિલ્હી સરકારે યાત્રીઓની સુરક્ષા માટે 1 જુન 2015થી પબ્લિક ટ્રાન્સપોર્ટમાં જીપીએસ ફરજીયાત કરવાની ઘોષણા કરી. તે અનુસાર તમામ વાહનોને નવેસરથી ફિટનેસ સર્ટિફિકેટ લેવાનો આદેશ કર્યો. ખાસ કરીને મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો.

- **દ્વિપક્ષીય નેવિ અભ્યાસ સિમ્બેક્સ 15નો સિંગાપુરમાં શુભારંભ**

  ભારત અને સિંગાપુરના દ્વિપક્ષીય નેવિ અભ્યાસ સિમ્બેક્સ 15નું આયોજન સિંગાપુરમાં કરવામાં આવ્યું. આ દરમ્યાન વાયુ રક્ષા, સમુદ્રી રક્ષા અને શોધ અને બચાવ કાર્ય ક્ષેત્ર સહિત વિભિન્ન ક્ષેત્રોમાં અભ્યાસ કરવામાં આવ્યો.

www.crackgpsc.com

- **ગુજરાત સરકારે રીંછ માટે આવાસ પરિયોજનાની શરૂઆત કરી**

ગુજરાત સરકારે જેસોર વન્યજીવ અભયારણ્ય ઇકોલોજીમાં રીંછની એક પ્રજાતિ 'સ્લોથ બિયર'ને સારું રહેઠાણ પૂરું પાડવા માટે એક 'સ્લોથ આવાસ પરિયોજના'ની શરૂઆત કરી, તે અનુસાર અભયારણ્યમાં હજી વધુ વૃક્ષો રોપવામાં આવશે અને બિનજરૂરી વનસ્પતિને ત્યાંથી દૂર કરવામાં આવશે. વર્ષ 2011માં થયેલ ગણતરી મુજબ, રાજ્યના વનોમાં લગભગ 293 સ્લોથ બિયર જોવા મળ્યાં હતાં. સ્લોથ બિયર કાળા અને ભૂરા રંગનાં હોય છે અને તેમની છાતી પર પીળા ડાઘ હોય છે. સ્લોથ બિયર પ્રકૃતિના સંરક્ષણ મારે આંતરરાષ્ટ્રીય સંઘ (IUCN)ના 'રેડ લિસ્ટ'માં સામેલ છે.

- **કેન્દ્ર સરકારે 'ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ' યોજનાની ઘોષણા કરી**

કેન્દ્ર સરકારે 'ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ' યોજનાની ઘોષણા કરી. નેશનલ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ફંડ (NSDF) હેઠળ બનાવવામાં આવેલ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વર્ષ 2016 અને 2020ના ઓલિમ્પિક રમતોત્સવમાં ચંદ્રક જીતવાનું સામર્થ્ય રાખનાર ખેલાડીઓની ઓળખ કરવાનો અને તેમને મદદ કરવાનો છે. આ યોજનામાં એથલેટીક્સ, તીરંદાજી, બેડમિન્ટન, મુક્કેબાજી, કુસ્તી અને નિશાનેબાજી પર ખાસ ધ્યાન આપવામાં આવશે. આ યોજના હેઠળ યોગ્ય ખેલાડીઓની પસંદગી, પ્રદર્શનના અંદાજ અને યોજનાના સંચાલન માટે વિસ્તૃત નિયમો નક્કી કરવા માટે સાંસદ અનુરાગ ઠાકુરની અધ્યક્ષતામાં 'ટીઓપી સ્કીમ એલીટ એથલીટ્સ આઇડેન્ટિફીકેશન કમિટી' નામની એક સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિના અન્ય સભ્યોમાં રાહુલ દ્રવિડ, પુલેલા ગોપીચંદ, અભિનવ બિન્દ્રા અને એમ. સી. મેરીકોમ સામેલ છે.

- **પીપીપી મોડલ પર વિચાર કરવા ડૉ. વિજય કેલકરની અધ્યક્ષતામાં સમિતિની રચના**

ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસના પીપીપી મોડલ પર નવેસરથી વિચાર કરવા માટે તથા તેમાં નવો સંચાર કરવા માટે ભૂતપૂર્વ નાણા સચિવ ડૉ. વિજય કેલકરની અધ્યક્ષતામાં અધ્યક્ષ સહિત દસ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી.

- **ફોર્બ્સે 100 સૌથી શક્તિશાળી મહિલાઓની યાદી જાહેર કરી**

અમરીકન મેગેઝીન ફોર્બ્સ દ્વારા વિશ્વની 100 સૌથી શક્તિશાળી મહિલાઓની યાદી જાહેર કરવામાં આવી. યાદીમાં જર્મનીનાં વાઈસ ચાન્સેલર એન્જેલા મેર્કેલ પ્રથમ સ્થાને, અમેરિકન રાષ્ટ્રપતિ ઉમેદવાર હિલેરી ક્લિન્ટન બીજા સ્થાને, સમાજ સેવિકા મેલિંડા ગેટ્સ ત્રીજા સ્થાને છે. યાદીમાં ચાર ભારતીય મહિલાઓ SBIનાં પ્રમુખ અરુંધતી ભટ્ટાચાર્ય, ICICI બેંકનાં પ્રમુખ ચંદા કોચર, બાયોકોનનાં સંસ્થાપક કિરણ મજુમદાર શો અને એચ.ટી. મીડિયાનાં અધ્યક્ષ શોભના ભારતી સામેલ છે. યાદીમાં અરુંધતી ભટ્ટાચાર્ય 30મા સ્થાને જ્યારે ચંદા કોચર 35મા સ્થાને છે.

www.crackgpsc.com

આ યાદીમાં ભારતીય મૂળનાં બે મહિલા પેપ્સિકો પ્રમુખ ઈન્દ્રા નુઈ અને સિસ્કોનાં મુખ્ય ટેકનોલોજી અને સ્ટ્રેટેજી ઓફિસર પદ્માસ્રી વારિયરનાં પણ નામ છે.

- **ભારત અને વિયેતનામે સંરક્ષણ સહકાર માટે સંયુક્ત વિઝન પર હસ્તાક્ષર કર્યા**

ભારત અને વિયેતનામે વર્ષ 2015-2020 માટે સંરક્ષણ સહકારના સંયુક્ત વિઝન વક્તવ્ય પર હસ્તાક્ષર કર્યા. બંને દેશોએ પારસ્પરિક લાભ માટે ચાલુ સંરક્ષણ સહકાર કાર્યક્રમોને આગળ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. વિયેતનામના સુરક્ષા મંત્રી જનરલ ફૂંગ ક્વાન થાન, ભારતના સુરક્ષા મંત્રી મનોહર પર્રિકરના આમંત્રણ પર ભારતની ત્રણ દિવસની સરકારી યાત્રા પર મે 2015માં ભારત આવ્યા હતા.

- **ખેડૂતોને સમર્પિત ભારતની પ્રથમ ટેલિવિઝન ચેનલ ‘ડીડી કિસાન’ લોન્ચ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ખેડૂતોને સમર્પિત ભારતની પ્રથમ ટેલિવિઝન ચેનલ ‘ડીડી કિસાન’ લોન્ચ કરી. આ ચેનલને શરુ કરવાનો હેતુ ખેડૂતોને ખેતી સંબંધિત માહિતી આપવાનો છે. તેના પર કૃષિની નવી ટેકનોલોજી અને ખેડૂતોની ચિંતાઓ સંબંધી કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવશે.

- **સંયુક્ત રાજ્ય અમેરિકામાં એચ-4 વિઝાને મંજૂરી**

સંયુક્ત રાજ્ય અમેરિકા (USA)માં એચ-4 વિઝા ધારકોના રોજગાર અધિકૃતતા આવેદન સ્વીકાર કરવાની શરૂઆત કરી દેવામાં આવી. એચ-4 વિઝા ઈમીગ્રંટ વર્કર્સના પરિવારજનોને આપવામાં આવે છે.

- **ભારતીય અમેરિકન વૈજ્ઞાનિક લતા વેંકટરામને પ્રથમ સિંગલ મોલેક્યુલ ડીવાઈસ બનાવ્યું**

ભારતીય અમેરિકન વૈજ્ઞાનિક લતા વેંકટરામનના નેતૃત્વમાં કોલમ્બિયા એન્જીનીયરિંગ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના સંશોધકોના એક ગ્રુપે સિંગલ મોલેક્યુલ ડીવાઈસ બનાવવામાં સફળતા મેળવી. સિંગલ મોલેક્યુલ ડીવાઈસનું નિર્માણ આ પ્રકારનું વિશ્વનું પ્રથમ નિર્માણ છે.

- **સિંગાપુરે ભારતીય મૂળના એસ ચંદ્ર દાસને શ્રીલંકામાં રાજદૂત નિયુક્ત કર્યા**

સિંગાપુરે ભારતીય મૂળના વ્યક્તિ એસ.ચંદ્ર દાસને શ્રીલંકામાં રાજદૂત નિયુક્ત કર્યા. એસ. ચંદ્ર દાસ આ પહેલાં તુર્કીમાં સિંગાપુરના રાજદૂત રહી ચુક્યા છે. દાસ વર્ષ 1980થી 1996 સુધી સિંગાપુરમાં સાંસદ હતા અને હાલમાં સિંગાપુરના એનયુઆર ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડીંગ પ્રાઇવેટ લિ. અને અન્ય ઘણી કંપનીઓમાં મેનેજીંગ ડીરેક્ટર છે.

- **ફૂટબોલ ક્લબ સેવિલા (FC)એ ચોથી વાર યુરોપા લીગ ફૂટબોલનો ખિતાબ જીત્યો**

www.crackgpsc.com

સ્પેનના ફૂટબોલ ક્લબ સેવિલા (FC)એ યુરોપા લીગ ફૂટબોલનો ખિતાબ જીત્યો. સેવિલાએ યુક્રેનના ક્લબ નિપ્રો નિપ્રોપેટ્રોસ ફૂટબોલ ક્લબને હરાવ્યું. તે સાથે જ સેવિલા ચોથી વખત યુરોપા લીગ ફૂટબોલનો ખિતાબ જીતનાર પ્રથમ ક્લબ બની ગયું.

- **માનબી બંધોપાધ્યાય દેશનાં પ્રથમ ટ્રાન્સજેન્ડર પ્રિન્સિપલ નિયુક્ત**

ભારતમાં પ્રથમ વખત ટ્રાન્સજેન્ડર પ્રિન્સિપલ તરીકે માનબી બંધોપાધ્યાયને પશ્ચિમ બંગાળના કૃષ્ણાનગર વુમન્સ કોલેજમાં પ્રિન્સિપલ નિયુક્ત કરવામાં આવ્યાં. ટ્રાન્સજેન્ડર માનબી હાલમાં વિવેકાનંદ સતોવાર્ષિકી કોલેજમાં બાંગ્લાના એસોસિએટ પ્રોફેસર પદે કાર્યરત છે.

- **ગુરનીમૃત 'નિમ્મી' સિદ્ધુને 'યુનિવર્સીટી ઓફ ઓક્સફર્ડ ઇન્સ્પીરેશનલ ટીચર એવોર્ડ'**

ભારતીય મૂળનાં શિક્ષિકા ગુરનીમૃત 'નિમ્મી' સિદ્ધુને 'યુનિવર્સીટી ઓફ ઓક્સફર્ડ ઇન્સ્પીરેશનલ ટીચર એવોર્ડ'થી નવાજવામાં આવ્યાં. તેમને આ સન્માન ઓક્સફર્ડ યુનિવર્સીટીમાં પોતાની એક વિદ્યાર્થીનીને પ્રવેશ અપાવવામાં મદદ કરવા માટે આપવામાં આવ્યો.

- **ત્રિપુરા સરકારે રાજ્યમાંથી એએફએસપીએ દુર કરવાનો નિર્ણય કર્યો**

ત્રિપુરા રાજ્ય સરકારે રાજ્યમાંથી આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA) દુર કરવાનો નિર્ણય કર્યો. આતંકવાદ પ્રભાવિત ત્રિપુરા રાજ્યમાં આ અધિનિયમ 18 વર્ષોથી અમલમાં હતો. ત્રિપુરામાં આતંકવાદ બાબતોની કમીને ધ્યાનમાં રાખીને રાજ્યના મંત્રીમંડળ દ્વારા મંત્રી પરિષદની બેઠકમાં રાજ્યમાંથી અફસ્પા હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો.

- **આર્મ્ડ ફોર્સ (વિશેષ અધિકારો) અધિનિયમ (એએફએસપીએ), 1958**

ભારતીય સંસદે 11 સપ્ટેમ્બર 1958ના રોજ આર્મ્ડ ફોર્સિસ (સ્પેશિયલ પાવર્સ) એક્ટ (એએફએસપીએ), 1958 બનાવ્યો હતો. તેને શરૂઆતમાં પૂર્વોત્તર ભારતમાં હિંસા પ્રભાવિત ક્ષેત્રોમાં લાગુ કરવામાં આવ્યો હતો. આ અધિનિયમ આસામ, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરા તથા અરુણાચલ પ્રદેશ, મિઝોરમના કેન્દ્ર શાસિત પ્રદેશના અશાંત ક્ષેત્રોમાં સેનાને વિશેષાધિકાર પ્રદાન કરે છે. આ અધિનિયમ સેનાને કોઈ વોરન્ટ વિના કોઈ એવી વ્યક્તિ જેણે સંગીન ગુનો કર્યો હોય કે જેના પર એવી શંકા હોય તેની ધરપકડનો અધિકાર આપે છે. સેના દ્વારા અશાંત ક્ષેત્રોમાં પાંચ કે વધુ લોકોને એક સ્થળે એકઠા થવા ઉપર પ્રતિબંધ કે કોઈ પણ પ્રકારના કાયદા કે વ્યવસ્થાના આદેશના ઉલ્લંઘનની બાબતે કે હથિયાર કે વિસ્ફોટક પદાર્થો લઇ જનાર કોઈ પણ વ્યક્તિને ગોળી મારવાનો પણ અધિકાર આપે છે.

करन्ट शतक
Most Imp करन्ट अफेर्स हिन्दी में
वस्तुनिष्ठ प्रश्नों उत्तर के साथ
Crack GPSC

www.crackgpsc.com

- **અમેરિકન રાજ્ય નેબ્રાસ્કામાં મૃત્યુ દંડને સમાપ્ત કરવામાં આવ્યો**

 અમેરિકન રાજ્ય નેબ્રાસ્કાએ મૃત્યુ દંડ સમાપ્ત કરવાની ઘોષણા કરી. આ નિર્ણયની સાથે જ નેબ્રાસ્કા વોશિંગ્ટન સહિત તે 18 રાજ્યોમાં સામેલ થઇ ગયું જેમાં મૃત્યુદંડ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. છેલ્લા ચાર દાયકાઓમાં આવો નિર્ણય લેનાર અમેરિકાનું આ પ્રથમ રાજ્ય છે.

- **વર્ષ 2017માં મક્કામાં વિશ્વની સૌથી મોટી હોટલ 'અબ્રાજ કુદાઈ' ખુલશે**

 વર્ષ 2017માં 10000 બેડરૂમની કેપેસીટીવાળી દુનિયાની સૌથી મોટી હોટલ અબ્રાજ કુદાઈ મક્કામાં ખુલશે. હાલમાં મકાઓ સ્થિત 'વેનિસ મકાઓ' (ચીન) 3000 બેડરૂમની વિશેષતા સાથે દુનિયાની સૌથી મોટી હોટલ છે.

- **વોડાફોને 4.2 ટકા ભાગીદારી ભારતી એરટેલને વેચી**

 બ્રિટીશ દુરસંચાર કંપની વોડાફોને કરોડ ડોલરમાં પોતાની 4.2% ભાગીદારી વેચીને ભારતી એરટેલથી અલગ થવાનો નિર્ણય કર્યો. ટેલીકોમ કંપનીઓ માટે નક્કી કરેલ દિશા-સૂચનો મુજબ એક ટેલીકોમ કંપની બીજી કંપનીમાં 9.9% સુધીની જ ભાગીદારી રાખી શકે છે.

- **પ્રસિદ્ધ વૈજ્ઞાનિક એસ ક્રિસ્ટોફર ડીઆરડીઓના ડિરેક્ટર જનરલ નિયુક્ત**

 પ્રસિદ્ધ વૈજ્ઞાનિક એસ ક્રિસ્ટોફરને ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના ડિરેક્ટર જનરલ નિયુક્ત કરવામાં આવ્યા. આ ઉપરાંત ડીફેન્સ મિનિસ્ટર મનોહર પરિકરના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે ડૉ. જી એસ રેડ્ડીને નિયુક્ત કરવામાં આવ્યા. આ પહેલાં તેઓ ડીઆરડીઓના મિડલ ડિસ્ટન્સ મિસાઈલ કાર્યક્રમના ડિરેક્ટર રહી ચુક્યા છે.

- **આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે ખેલાડીઓની ટેસ્ટ રેન્કિંગ જારી કરી**

 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ દ્વારા ખેલાડીઓની ટેસ્ટ રેન્કિંગમાં બેટ્સમેન્સમાં કે. સી. સંગાકારા (શ્રીલંકા) જયારે બોલર્સમાં ડેલ સ્ટેન (દક્ષિણ આફ્રિકા) પ્રથમ સ્થાને. બેટ્સમેન્સમાં ભારતના ટેસ્ટ કેપ્ટન વિરાટ કોહલી દસમા સ્થાને છે. બોલર્સના ટોચના દસ સ્થાનની યાદીમાં કોઈ ભારતીય નથી.

- **'સંસદ રત્ન પુરસ્કાર 2015' માટે પી પી ચૌધરી સહિત ચાર સાંસદોની પસંદગી**

 ભાજપના સાંસદ પી પી ચૌધરી સહિત ચાર લોક સભા સભ્યોની પસંદગી 'સંસદ રત્ન પુરસ્કાર 2015' માટે કરવામાં આવી. પી પી ચૌધરીને સંસદ રત્ન પુરસ્કાર 2015 સાથે જ નવોદિત સંસદ રત્ન પુરસ્કાર 2015 માટે પણ પસંદ કરવામાં આવ્યા. પંસદગી પામેલ સાંસદોમાં પી પી ચૌધરી સિવાય ચંદુ બાર્ને શિરંગ (શિવ સેના) નિશીકાંત દુબે (ભાજપ) સુપ્રિયા શુલે (એનસીપી) પણ સામેલ છે.

www.crackgpsc.com

- **અભિનવ બિન્દ્રા રિઓ ઓલિમ્પિક 2016 માટે ક્વાલીફાઈ**

  ભારતના એકમાત્ર વ્યક્તિગત ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અભિનવ બિન્દ્રાએ રિઓ ઓલિમ્પિક 2016ના પુરુષોની એર રાયફલ સ્પર્ધામાં કોટા સ્થાન મેળવ્યું. તેમણે મ્યુનીખમાં આઈએસએસએફ નિશાનેબાજી વિશ્વ કપમાં પુરુષોની દસ મીટર એર રાયફલ સ્પર્ધામાં છઠ્ઠું સ્થાન મેળવીને કોટા સ્થાન મેળવી લીધું.

- **આસામના નલબાડી જીલ્લામાં મેગા ફૂડ પાર્કનું ઉદઘાટન કરવામાં આવ્યું**

  કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી હરસિમરત કૌર બાદલ અને આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ આસામના નલબાડી જીલ્લામાં પૂર્વોત્તરના પ્રથમ મેગા ફૂડ પાર્કનું ઉદઘાટન કર્યું. આ મેગા ફૂડ પાર્કથી દર વર્ષે લગભગ 450-500 કરોડ રૂપિયાના વેપારનો અંદાજ છે.

- **સુભાષ ઘાઈની આઈફા લાઈફટાઈમ અચિવમેન્ટ પુરસ્કાર માટે પસંદગી**

  ફિલ્મ નિર્માતા-નિર્દેશક સુભાષ ઘાઈની પસંદગી વર્ષ 2015ના આઈફા લાઈફટાઈમ અચિવમેન્ટ પુરસ્કાર માટે કરવામાં આવી. આ પુરસ્કારને હવે 'ભારતીય સિનેમામાં સરાહનીય યોગદાન' નામ આપવામાં આવ્યું છે. સુભાષ ઘાઈને આ સન્માન ભારતીય સિનેમામાં તેમના યોગદાન અને પોતાની મીડિયા સંસ્થા વ્હિસલિંગ વુડ્સ દ્વારા યુવા પ્રતિભાઓને નિખારવા માટે આપવામાં આવશે. તેમણે હીરો, કર્મા, સૌદાગર, ખલનાયક, રામલખન અને પરદેશ જેવી ઘણી ફિલ્મો બનાવી છે.

- **પ્રદીપકુમારસિંહા નવા કેબિનેટ સચિવ નિયુક્ત**

  પ્રદીપકુમારસિંહા નવા કેબિનેટ સચિવ નિયુક્ત. તેઓ અજીત શેઠનું સ્થાન લેશે. પ્રદીપકુમાર સિંહા જુલાઈ 2013થી ઉર્જા મંત્રાલયમાં સચિવ પદ પર કાર્યરત છે. આ પહેલાં તેઓ શિપિંગ મંત્રાલયમાં પણ સચિવ રહી ચુક્યા છે.

- **વી. એ.પ્રશાંત ઇન્ડિયન બેંકના મુખ્ય નાણા અધિકારી નિયુક્ત**

  વી. એ. પ્રશાંતને ઇન્ડિયન બેંકના મુખ્ય નાણા અધિકારી નિયુક્ત કરવામાં આવ્યા. આ પહેલાં તેઓ ઇન્ડિયન બેંકના જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. ઇન્ડિયન બેંકની સ્થાપના 1907માં થઇ હતી. તેનું મુખ્યાલય ચેન્નાઈમાં છે.

- **હિમાચલ પ્રદેશમાં 'અજન્મી પુત્રી માટે દોડ' સ્પર્ધાનું આયોજન**

  હિમાચલ પ્રદેશમાં માનવાધિકાર અને ન્યાય ફોરમ (સિમલા) દ્વારા અજન્મી પુત્રીની રક્ષા માટે 'અજન્મી પુત્રી માટે દોડ' નામથી એક મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું. તેનો હેતુ

www.crackgpsc.com

બાળકીઓને બચાવવાનો અને પહાડી રાજ્યમાં ઘટતા લિંગ પ્રમાણને નિયંત્રિત કરવાનો હતો. હિમાચલ પ્રદેશ દસ સૌથી ખરાબ લિંગ પ્રમાણવાળાં રાજ્યોમાંથી એક છે.

- **સુપર-30ના સંસ્થાપક આનંદ કુમાર કેનેડામાં સન્માનિત**

સુપર-30ના સંસ્થાપક તથા ગણિતજ્ઞ આનંદ કુમારને શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ કેનેડામાં સન્માનિત કરવામાં આવ્યા. આ સન્માન તેમને બ્રિટીશ કોલંબિયાની વિધાનસભા દ્વારા ભારતમાં પ્રતિભા ધરાવતા નિર્ધન બાળકોને ઉચ્ચ સંસ્થાઓમાં પ્રવેશ અપાવવા માટે આપવામાં આવતી ગુણવત્તા તાલીમ માટે આપવામાં આવ્યું. સુપર-30 છેલ્લા 14 વર્ષોથી પછાત વર્ગોના 30 વિદ્યાર્થીઓને આઈટીમાં પ્રવેશ અપાવવા માટે પ્રવેશ પરીક્ષાની મફત તૈયારી કરાવી રહ્યું છે. અત્યાર સુધી તમામ વિદ્યાર્થીઓ સફળ થયા છે.

- **ડૉ. જી. સતીશ રેડ્ડી ડિફેન્સ મિનિસ્ટરના વૈજ્ઞાનિક સલાહકાર નિયુક્ત**

ડૉ. જી. સતીશ રેડ્ડીને ડિફેન્સ મિનિસ્ટર મનોહર પાર્રીકરના વૈજ્ઞાનિક સલાહકાર નિયુક્ત કરવામાં આવ્યા. આ પહેલાં તેઓ ડીઆરડીઓના મિડલ ડિસ્ટન્સ મિસાઈલ કાર્યક્રમના ડિરેક્ટર હતા. તેઓ નેવિગેશન અને વિમાની ટેકનોલોજીના નિષ્ણાત છે. તેમના નેતૃત્વમાં અગ્નિ A1, A2, A3, A4, A5, પૃથ્વી, ધનુષ, આકાશ, બ્રહ્મોસ, નિર્ભય જેવી ઘણી મિસાઈલ્સનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- **NCDEX દ્વારા સુવર્ણ અનુબંધ માટે ગોલ્ડ નાઉ પ્લેટફોર્મ શરુ કરવામાં આવ્યું**

નેશનલ કમોડીટી એન્ડ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ લિ.એ (NCDEX) ગોલ્ડ નાઉ નામનું પ્લેટફોર્મ શરુ કર્યું જેના હેઠળ સોનાના વેપારને ફાયદાકારક બનાવવા માટેનાં પગલાં લેવામાં આવશે. આ ભારતમાં નિર્મિત સોનાને દેશમાં જ ખરીદવા તથા વેચવા માટે બનાવવામાં આવેલ છે.

✓ **ગોલ્ડ નાઉનું મહત્વ:**

અંદાજે 20,000 મેટ્રિક ટન સોનું ભારતનાં મંદિરો, ટ્રસ્ટ તથા લોકોના ઘરોમાં છે. જો આ પ્લેટફોર્મનો યોગ્ય રીતે અમલ કરવામાં આવે તો દેશમાં સોનાની આયાતની જરૂરિયાત ઘણી ઓછી થઇ શકે છે.

- **'વિશ્વમાં ખાદ્ય અસુરક્ષાની સ્થિતિ 2015': સંયુક્ત રાષ્ટ્રનો રિપોર્ટ**

સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠને વિશ્વના ભૂખમરા પર પોતાનો વાર્ષિક રિપોર્ટ 'વિશ્વમાં ખાદ્ય અસુરક્ષાની સ્થિતિ 2015' રીલીઝ કર્યો. રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વમાં ભૂખ્યા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે. વિશ્વના સૌથી વધુ ભૂખ્યા લોકોની સંખ્યા ઉપ-સહરા આફ્રિકા ક્ષેત્રમાં છે જ્યાં ભૂખ્યા લોકોની સંખ્યા 23.2% છે. ભારતમાં 19.40 કરોડ ભૂખ્યા લોકો છે. ભારતમાં

www.crackgpsc.com

194.6 લાખ લોકો હજુ પણ કુપોષિત છે. અત્યારે પણ કુપોષિત લોકોની બીજી સૌથી વધુ સંખ્યા ભારતમાં રહે છે.

- **31 મેના વર્લ્ડ નો ટોબેકો_ડે મનાવવામાં આવ્યો.**

  આ દિવસ તમાકુની જરૂરિયાતને ઓછી કરવાની નીતિઓ પર ભાર મુકે છે અને તેનાથી જોડાયેલ સ્વાસ્થ્યને લગતાં જોખમો પર પ્રકાશ પાડે છે. 1988માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને એક સંકલ્પ પસાર કર્યો જેની હેઠળ 31 મેના વિશ્વ તમાકુ દિવસ મનાવવામાં આવે છે.

- **આસામના માજુલીમાં ચોથા પૂર્વોત્તર યુવા મહોત્સવનો પ્રારંભ**

  ચોથા પૂર્વોત્તર યુવા મહોત્સવનો આસામના માજુલીમાં આરંભ થયો. મહોત્સવ યુવા અને ખેલ મંત્રાલય, ભારત સરકાર તરફથી નહેરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા યોજવામાં આવી રહ્યો છે.

- **યદુવીર કૃષ્ણદત્ત - મૈસુરના 27મા રાજા**

  યદુવીર કૃષ્ણદત્તનો મૈસુરના 27મા રાજા તરીકે રાજ્યાભિષેક. વોડ્યાર રાજવંશે મૈસુર પર 1399થી 1947 સુધી શાસન કર્યું. અંતિમ શાસક જયચમરાજેન્દ્ર વોડયારે 1940થી 1947 સુધી શાસન કર્યું.










www.crackgpsc.com